ઇન્ટરનેટ પર વાંચવા : http:vivekpanthi.googlepages.com/ Mail- harsha_badkar@yahoo.com

વીવેકપંથી ૮૦

તંત્રી : ગુલાબ ભેડા
કાર્યાલય : ૨-સી/૧, અસ્મીતા મોગરા, દત્ત જગદંબા માર્ગ, શેરે-પંજાબ કોલોની, અંધેરી (પુર્વ), મુંબઇ-૯૩. ફોન : ૨૮૩૮૮૮૯૧
Mail-vivekpanthi@yahoo.com

નહેરુ તો રેશનાલીસ્ટ હતા જ

- લલીત નગરશેઠ



ગાંધી રેશનાલીઝમની નજીક હોત કે ના હોત એ નક્કી થવું હજી બાકી છે.

હા, એમના અનુયાયી કીશોરીલાલ મશરુવાળાને રેશનાલીઝમની નજીક જરુર ગણી શકાય.

પરંતુ આપણા દેશના પ્રથમ વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુ તો રેશનાલીસ્ટ હતા જ, એમ કહેવામાં અતીશયોક્તી નથી. આના અનેક પુરાવા મળી શકે.

ભારતના પ્રથમ રાશ્ટ્રપતી રાજેન્દ્રપ્રસાદ સોમનાથની પુનર્પ્રતીશ્ઠા પ્રસંગે કલાકો સુધી ઉઘાડા ડીલે હોમહવનમાં બેઠા હતા. એટલું જ નહીં, પણ બ્રાહ્મણોના પગ ધોઇને તેનું ચરણામૃત પણ પીધું હતું તેના પ્રત્યે નહેરુએ જાહેરમાં અણગમો વ્યક્ત કર્યો હતો.

એ કહેતા કે સાચા મંદીરો તો આપણાં ઉધોગગૃહો, શીક્ષણ સંસ્થાઓ અને પ્રયોગશાળાઓ છે. મંદીર-સંસ્કૃતીના નહેરુ વીરોધી હતા.

આપણા બંધારણમાં વૈજ્ઞાનીક અભીગમને અહેમીયત અપાઇ છે તે નહેરુના કારણે જ.

એમના જીવનના એવા અનેક પ્રસંગો છે, જે એમને રેશનાલીસ્ટ તરીકે પ્રસ્થાપીત કરે છે. પણ નીરાશા એ વાતની છે કે એમના ૭૫ વર્શની ઉંમરે ૧૯૬૪માં થયેલા અવસાન બાદ ભારતને એક પણ રેશનાલીસ્ટ નેતા નથી મળ્યો; નહેરુની એકની એક પુત્રી પ્રીયદર્શીની ઇન્દીરા પણ નહીં:

નહેરુની વીચારસૃશ્ટી પામવા માટે જીજ્ઞાસુએ તેમનાં આ ત્રણ પુસ્તકો જરુર વાંચવાં-ભારતદર્શન, જગતના ઇતીહાસનું રેખાંકન અને એમની આત્મકથા.

(૧૪મી નવેમ્બર-નહેરુની ૧૨૦મી જન્મજયંતી)

'હીન્દુસ્તાન ટાઇમ્સ'ના 'ઇનર વોઇસ' વીભાગમાં ૨૫ સપ્ટેમ્બરે ખોસલા નામના એક વાચકે 'નાસ્તીકતા વીરુદ્ધ આસ્તીકતા' વીશયે ચર્ચા કરી હશે તેના અનુસંધાને વળતા જ દીવસે બીજા ડેરેક વાંડીવરે નામના વાચકે કરેલી ચર્ચાનો અનુવાદ અહીં પ્રસ્તુત કરું છું - હર્શા બાડકર

આસ્તીક વીરુદ્ધ નાસ્તીક

નાસ્તીકવાદનો વીરોધ કરનારાઓ ઘણી વખત નાસ્તીકવાદને બરાબર સમજવાનો પ્રયત્ન જ કરતા નથી અને તેથી જ એ વીશે ઘણી બધી ગેરસમજણો થતી હોય છે.

મારો આધ્યાત્મવાદથી વીપરીત તેવો નાસ્તીકવાદ પ્રત્યેનો અભીગમ નીચે પ્રમાણે છે.

અંદરથી ગુંચવાયેલા જગતને જોઇને મને ખુબ જ અચરજ થાય છે અને આશ્ચર્યચકીત થઇને હું એમાંના ગુંચવાડા ઉકેલવાના પ્રયત્નમાં લાગી જાઉં છું. આની સામે આધ્યાત્મવાદી તો એમ જ મન વાળી લે છે કે એ બધું ઉપરવાળાના હાથમાં છે અને માણસની પહોંચની બહારની એ વાત છે.

એક નાસ્તીક તરીકે મને અહર્નીશ નવું નવું જાણવા અને સમજવાની તાલાવેલી હોય છે. એટલું જ નહીં, પણ મારી કોઇ માન્યતા ખોટી ઠરે તો હું તરત કબુલ કરી લઉં છું અને તેવી માન્યતા છોડવા પણ સદા તૈયાર રહું છું. મને એનો આનંદ પણ હોય છે. (હું કદી ખોટો હોઇ જ ના શકું તેવું મીથ્યાભીમાન એ રેશનલ અભીગમ નથી જ).

ધાર્મીક કે આધ્યાત્મીક માણસ શાસ્ત્રોમાં જે કંઇ લખાઇ ગયું હોય તેને જ પ્રમાણ માનીને ચાલે છે અને તેની સામે પ્રશ્ન ઉઠાવવાને પાપ ગણે છે. જે માણસ શાસ્ત્ર સામે સવાલ ઉઠાવે તેને અધાર્મીક કે નાસ્તીક કહીને વગોવવામાં આવે છે.

નાસ્તીક માણસ એમ માનીને ચાલે છે કે આ પૃથ્વી પર જીવવા માટે એને આ જીવન મળ્યું છે તેટલું જ પર્યાપ્ત છે (અર્થાત્ જન્મ પહેલાં કે મૃત્યુ પછીનું કોઇ જીવન શક્ય નથી). અને તેથી જ આટલા મર્યાદીત જીવન માટે જે મુલ્યો જરુરી હોય તેટલાં મુલ્યો એ જીવી જાય છે.

ક્યારેક એવું પણ બને છે કે એવા વલણને લીધે માણસ સુખવાદી અને સ્વાર્થી પણ બની જાય. પણ મારી દૃશ્ટીએ તો માણસનું કર્તવ્ય જે જીવન મળ્યું છે તે દરમીયાન પછીની પેઢીના સુખ માટે પ્રયત્નશીલ રહેવું તે જ છે.

આધ્યાત્મવાદી એમ સમજીને ચાલે છે કે બધી જ જવાબદારી ભગવાન સંભાળી લે છે, કારણ કે જગતનું ધ્યાન રાખવાની જવાબદારી એની જ છે. કેટલાક ધાર્મીકો તો વળી એમ માનવા પણ તૈયાર થઇ જાય છે કે સર્જનહાર આ સૃશ્ટીનો અંત લાવવા પણ સમર્થ છે, જે ક્યારેક પ્રલય પણ લાવશે અને સમગ્ર જગત નામશેશ થઇ જશે.

નાસ્તીક પોતાને મનુશ્યજાત સાથે એકરુપ માને છે... આસ્તીક પરધર્મીને પોતાના દુશ્મન માને છે

આવા વીચારોને અનુરુપ જ તેઓ પોતાના આંતરબાહ્ય વહેવારો ઘડે છે અને ડાર્વીનના ઉત્ક્રાંતીવાદના અભ્યાસથી કતરાય છે. એમના મતે ડાર્વીન બાઇબલની વીરુદ્ધ જતો લાગે છે.

નાસ્તીક પોતાને મનુશ્યજાત સાથે એકરુપ માને છે એટલે પોતાને એક માણસ તરીકે જ ઓળખે -ઓળખાવે છે, જ્યારે આસ્તીક પોતાને હીન્દુ, મુસ્લીમ, ખ્રીસ્તી, પારસીમાં વીભાજીત કરી રાખે છે.

સૌથી મહત્ત્વનું એ છે કે આસ્તીક પરધર્મીને પોતાનો દુશ્મન માને છે અને એની એ ગેરમાન્યતા જ બૉમ્બ બનીને વરસે છે, પરીણામે મંદીર, મસ્જીદ, ચર્ચનો ખાતમો બોલાવવાની વૃત્તી-પ્રવૃત્તી વીકસે છે.

આથી જરુર એમ માનીને ચાલવું પડે કે અમારી નાસ્તીકોની વૈચારીક ભુમીકા મુલ્યોઆધારીત છે.

તમે તમારી માન્યતાઓ પર તટસ્થ વીચાર છેલ્લે ક્યારે કર્યો હતો તે યાદ કરી જોજો.

સંપાદનમાં પણ સર્જન જેટલો જ આનંદ છે. સંપાદક લેખકોનું સર્જન કરે છે. લેખકો સાહીત્યનું સર્જન કરે છે અને સાહીત્ય સમાજનું સર્જન કરે છે. **- દીપક દોશી**

[સંપાદક-'નવનીત સમર્પણ']

બાળદીક્ષા:

ખીલતી કળી મુરઝાવાને મારગે

– ભગવાનજી રચાણી

સંગીતની સુરાવલી વહાવતું રંગબેરંગી બૅન્ડ સૌથી આગળ, પાછળ શ્વેત વસ્ત્રધારી સાધુ-સાધ્વીઓનો સમુહ, એની પાછળ ચાંદીના કોતરણીવાળા પતરાં જડેલ કલામય રથમાં એનાં સર્વોત્તમ વસ્ત્રોમાં બેઠેલ એક બાળક અને સૌની પાછળ નાચતો-ગાતો, હવામાં પૈસાના સીક્કા ઉછાળતો શ્રાવક-શ્રાવીકાઓનો સંઘ: આવું સરઘસ આપણે જાહેર રસ્તાઓ પર અવારનવાર જોઇએ છીએ. ધનવૈભવનો 'સદુપયોગ' કરતું આ ટોળું એક નીર્દોશ અજ્ઞાન બાળકને ત્યાગ, અપરીગ્રહ, અહીંસા, કઠોર તપસ્યા અને સાધનાને માર્ગે લઇ જઇ રહ્યું છે. 'વધસ્તંભે નીયતે'ની જેમ આજીવન કંટકભર્યા દીક્ષાને માર્ગે.

૧૦મી માર્ચ, ૨૦૦૪ની આવી જ એક સવારે મધ્યપ્રદેશની એક ગરીબ પરીવારની ૮ વર્શની પ્રીયલ નામે એક કુમળી કન્યા જૈન કોઠારી સંઘ દ્વારા મુંબઇના મલાડ પરામાં આયોજીત એક ભવ્ય સમારંભમાં દીક્ષા લે છે.

આજે આ બાળકીના સુંદર મજાના વાળ ખેંચી કાઢવામાં આવશે. એ સફેદ વસ્ત્રો ધારણ કરશે. એ લાઇટ-પંખા વગર સુઇ રહેશે, ઉઘાડે પગે ગામપરગામ વીહાર કરશે, વાસણમાં પેશાબ ભેગો કરીને રસ્તે કે ખાળમાં નાખવા જશે અને ભીક્ષા માગીને પેટ ભરશે. હવે એ 'પ્રીતવર્શા મહારાજ સાહેબ' તરીકે ઓળખાશે. એના સ્નાન કરવા પર પણ પ્રતીબંધ મુકાશે.

મહારાશ્ટ્રનું રાજ્ય મહીલા આયોગ સક્રીય થાય છે. બાલ પ્રફુલ્લતા નામની એક સામાજીક સંસ્થા રાજ્યની ચાઇલ્ડ વેલફેર કમીટીને લેખીત ફરીયાદ કરે છે. આ કમીટી પ્રીયલની માતા સીમા અને પીતા સંતોશકુમાર બાગરીયાને તેમજ મલાડ પોલીસસ્ટેશનના અધીકારીઓને સમન્સ મોકલીને પોતપોતાનાં સોગંદનામાં ફાઇલ કરવાના આદેશો આપે છે. કમીટીએ જુવેનાઇલ જસ્ટીસ (કૅર ઍન્ડ પ્રોટેક્શન ઑફ ચીલ્ડ્રન) ઍક્ટ ૨૦૦૦ હેઠળ આ કાર્યવાહી કરી છે. આ કેસમાં કમીટી બાળકી ૧૮ વર્શની થાય ત્યાં સુધી તેના ઘરમાં માતાપીતાની સાથે રહેવાનો આદેશ આપી શકે છે.

આની સામે જૈન સંઘવાળા કહે છે કે આપણા બંધારણે દરેક વ્યક્તીને પોતપોતાનો ધર્મ પાળવાનો અધીકાર આપ્યો છે.

કમીટીનાં અધ્યક્ષા નીલીમા મહેતા સ્વયં જૈન છે. તેઓ કહે છે કે બાળકને એના બાળપણથી વંચીત રાખવું એ ખોટું છે. એના પર કોઇ બીનજરુરી બંધન ન હોવાં જોઇએ. બાળકને લાંબા અંતરે વીહાર કરાવવો અને કલાકો સુધી ભુખ્યા રાખવું એ વાજબી નથી જ.

બાળકને તેના બાળપણથી વંચીત રાખવું એ મોટું પાપ છે

ઘાટકોપરના એક એડવૉકેટે પ્રીયલને દત્તક લેવાની પણ ઑફર કરી હતી અને એની દીક્ષા વીરુદ્ધ કોર્ટમાં જવાનુંય એમણે વીચાર્યું હતું. આ લેખકે એ વખતે આ એડવૉકેટ રવીન્દ્ર પારેખ સાથે વાત પણ કરી હતી. તેઓ પોતે પણ જૈન છે.

મોરારજી દેસાઇ જ્યારે મહાદ્વીભાશી મુંબઇ રાજ્યના મુખ્યપ્રધાન હતા ત્યારે બાળદીક્ષાના બચાવમાં વીધાનસભામાં નીવેદન કર્યું હતું. ૧૯૯૭માં ૧૬ વર્શની કીરણ તાતેર નામની યુવતીની દીક્ષા સામે રાજસ્થાન હાઇકોર્ટમાં જાહેર હીતની અરજી થઇ હતી જેને કોર્ટે એમ કહીને કાઢી નાખી હતી કે આમાં કોઇ નીતીમત્તાનો ભંગ થતો નથી.

ચાઇલ્ડ વેલફેર બોર્ડને ચાઇલ્ડ વેલફેર કમીટીએ સુપરત કરેલ રીપોર્ટને પ્રીયલનાં માતાપીતાએ તા. ૨૮ જુન, ૨૦૦૪ના રોજ બૉમ્બે હાઇકોર્ટમાં એક અપીલ દ્વારા પડકાર્યો છે. પ્રીયલ ઉર્ફે પ્રીતવર્શાજી મહારાજસાહેબની લીધેલ મુલાકાતોમાં એણે આપેલ જવાબો ગુરુ નીર્મલાશ્રીજીએ પઢાવ્યા હોવાનું પત્રકારો અને કમીટીના સભ્યોને જણાયું હતું.

એ દરમીયાન જુલાઇ, ૨૦૦૪માં લૉ કૉલેજના પ્રીન્સીપાલ અને આજના ગુ. મું. રે. ઍસો.ના પ્રમુખ અશ્વીન કારીયાએ કોઇક છાપામાં લખેલ લેખનું કટીંગ

મને મોકલ્યું હતું, જેનું હેડીંગ હતું: 'બાળદીક્ષાને વ્યવહારીક શાણપણ કે કાયદાનું સમર્થન નથી જ' રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનો આધાર લઇને એ લેખમાં તેમણે બાળદીક્ષા વીરુદ્ધ બહુ સુંદર રજુઆત કરી હતી.

આ કેસની સુનાવણી તા. ૧૧ સપ્ટે., ૨૦૦૮ના રોજ બૉમ્બે હાઇકોર્ટમાં શરુ થઇ છે. જસ્ટીસ પી. બી. મજમુદાર અને જસ્ટીસ અમજદ સૈયદની ખંડપીઠ કહે છે કે ***''કોઇ ધર્મ સગીરને સાધુ થવાની પરવાનગી આપી શકે નહીં. આ પ્રથા સતીપ્રથા જેટલી જ ખરાબ છે. બાળદીક્ષા પ્રતીબંધનો કાયદો થવો જોઇએ. અદાલત એ દરેક બાળકની બીનવીવાદાસ્પદ વાલી છે. અમે સગીર બાળકના હક્કનું રક્ષણ ન કરીએ તો ફરજ ચુક્યા ગણાઇએ.''*** અદાલતે ત્રણ મહીલાઓ-હાઇકોર્ટનાં પ્રોથોનોટરી (વહીવટદાર) શ્રીમતી એ. રોડ્રીગ્ઝ, વરીશ્ઠ ધારાશાસ્ત્રી રજની આયર અને કેન્દ્રીય મહીલા આયોગનાં અધ્યક્ષા શૈલા મ્હાત્રેની સમીતીની રચના કરીને પ્રીયલની મુલાકાત પછી એની દીક્ષામાં પોતાની ઇચ્છા-અનીચ્છા કે અન્ય આંતરબાહ્ય પરીબળોએ કંઇ ભાગ ભજવ્યો છે કે નહીં એનાં તારણ દર્શાવતો અહેવાલ સુપરત કરવાનો નીર્દેશ આપ્યો છે.

બાળદીક્ષાને વ્યવહારીક શાણપણ કે કાયદાનું સમર્થન નથી જ

જૈન સમાજમાં પણ બે ભાગ પડી જાય છે. સ્થાનકવાસીઓ કહે છે કે ૧૮ વર્ષ પહેલાં દીક્ષા ન આપવી જોઇએ. જ્યારે દેરાવાસીઓ હાઇકોર્ટે દીક્ષાને સતીપ્રથા સાથે સરખાવી એની વીરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં જવાનું વીચારી રહ્યા છે.

બાળસાધ્વીની મુલાકાતમાં કમીટીને જણાયું છે કે તેણે પુછેલ પ્રશ્નોના જવાબો એને પહેલેથી શીખવાડેલા હતા. આવી દીક્ષાનો નીર્ણય એના હીતમાં નથી. જ. આમાં બાળપણનો, સ્વાતંત્ર્યનો, શીક્ષણનો, મનોરંજનનો, કુટુંબજીવનનો અને પોતાના ઘરનો- એમ દરેક બાબતના અધીકારનો ભંગ થાય છે. કમીટીએ આ મુજબનો અહેવાલ કોર્ટને આપ્યો છે.

કમીટી તરફથી એડવૉકેટ મીહીર દેસાઇ અને પ્રીયલનાં માતાપીતા તરફથી એટવૉકેટ મીલીંદ સાઠે દલીલો કરી રહ્યા છે.

આ થઇ આખા કેસની પુર્વભુમીકા. હાઇકોર્ટ જે કંઇ પણ આદેશ આપશે એની સામે સુપ્રીમમાં અપીલ થશે. અંતીમ નીર્ણય આવતાં કદાચ બે-ત્રણ વર્ષ લાગી જશે.

કાચી ઉંમરે ઉતાવળે લેવાયેલ નીર્ણયને પરીણામે દીક્ષીતને સહેવા પડતાં મનોમંથનો, વેદના-સંવેદનાઓ, સામાજીક, નૈતીક અને કાનુની પાસાંઓની સમીક્ષા આપણે આવતા અંકે કરીશું.

■

યાસીન દલાલને ધન્યવાદ

તા. ૧૫મીની વહેલી સવારે રાજકોટથી મીત્ર જયંત પંડ્યાનો ફોન આવ્યો. ''યાસીન દલાલે આપણી ગાંધીચર્ચા આજના 'ગુજરાત સમાચાર'ના પાને મુકી છે.''

અન્ય મીત્રોના પણ એ વીશે ફોન આવ્યા, તો એક વાચકે તો લેખનું પાનું જ કુરીયર મારફત મોકલી આપ્યું. વાચકોની રસરુચીનો આના પરથી ખ્યાલ આવે.

'ગુજરાત સમાચાર' મંગાવીને વાંચ્યું.

ગયા માર્ચથી 'વીવેકપંથી'માં હર્શાએ ગાંધી સંદર્ભે રેશનાલીઝમની જે ચર્ચા ચાલુ કરી છે તેનો યાસીન દલાલે તેમની 'વીચાર વીહાર' કોલમમાં તર્કબદ્ધ પ્રતીભાવ આપ્યો છે.

આ વીશયે ધ્યાનમાં લેવા જેવું એ છે કે લેખીકાનો ઉદ્દેશ ગાંધીને રેશનાલીસ્ટ તરીકે પ્રસ્થાપીત કરવાનો નથી. 'ગાંધી' પોતાના શીક્ષણનો વીશય હોઇને લેખીકા જાણે છે કે એ શક્ય જ નથી. જુઓ ચર્ચાનું આ શીર્ષક: **'ગાંધી આજે હોત તો રેશનાલીઝમના પુરસ્કર્તા હોત?'** અહીં કેન્દ્રસ્થાને છે **'પુરસ્કર્તા'** અને **'?'** (પ્રશ્નાર્થ).

તેમ છતાં ચર્ચા વીશાળ ફલક ઉપર મુકવા માટે મીત્ર યાસીન દલાલને ધન્યવાદ. **- તંત્રી**

'વીવેકપંથીમાં છાપવા જેવો લેખ' એવી નોંધ સાથે રજનીકુમાર પંડ્યાએ ઉર્વીશ કોઠારીનો તા. ૧૫-૭-૦૮ના 'ગુજરાત સમાચાર'માં છપાયેલો આ લેખ મોકલ્યો છે. ધ્યાનથી વાંચતાં બાવાઓની માયાજાળ અને સમાજ શ્રેશ્ઠીઓની ગુરુભક્તીનું રહસ્ય સમજાશે.

પાણી માથા પરથી જતું રહે ત્યાર પછી જ આંખ કેમ ખુલે છે ?

અધ્યાત્મનું અંડરવર્લ્ડ

- ઉર્વીશ કોઠારી

'સાબરમતી આશ્રમ જાના હૈ.' થોડાં વર્શ પહેલાં અમદાવાદ આવેલા 'ધ હીન્દુ' અખબારના પ્રતીનીધીએ રીક્ષાવાળાને કહ્યું. તેમને હતું કે અમદાવાદમાં ગાંધીજીના આશ્રમે પહોંચવા માટે આનાથી વધારે સમજુતી આપવાની જરુર નહીં પડે. પણ થોડા સમય પછી રીક્ષાવાળાએ તેમને સાબરમતીમાં આવેલા આસારામ આશ્રમે લાવીને ઉભા રાખી દીધા અને કહ્યું કે 'સાબરમતી આશ્રમ તો યહી હૈ.' એ સાંભળીને પત્રકારને બોધીવૃક્ષની જરુર ન પડી. રીક્ષાના હુડ નીચે જ તેમને બ્રહ્મજ્ઞાન થઇ ગયું કે અમદાવાદ ગાંધીયુગમાંથી ધંધાદારી બાવા-બાપુઓના યુગમાં પહોંચી ગયું છે.

'હીન્દુ'ના પ્રતીનીધીને જે સમજાયું, તેનાથી સ્થાનીક લોકો અજાણ હતા? બીલકુલ નહીં. ખરેખર તો, એ સ્થીતી સર્જવામાં પણ સૌએ પોતાનો ફાળો આપ્યો હતો. હવે આસારામ આશ્રમ ખુનકેસમાં સંડોવાતાં દીમાગ પર ચડેલો 'શ્રદ્ધા' અને 'સત્સંગ'નો નશો ઓસર્યો છે અને ચીલાચાલુ ફીલ્મી ડાયલોગની જેમ ઘણા લોકોને થાય છે: 'મૈં કહાં હું?' ભક્તો, શ્રદ્ધાળુઓ અને સત્સંગીઓની આ 'સોબર' અવસ્થા-અને ગુનેગારોની સજા કરાવવાનો જુસ્સો-ક્યાં સુધી ટકે છે, એ મહત્ત્વનો સવાલ છે. સાથોસાથ, ગુરુ કોને ગણવા અને ગુનેગાર કોને, એ પણ વીચારવા જેવું છે.

તફાવત શોધો: ગુરુ અને ગુનેગાર

ટીલાંટપકા-માળા-કામળી-ભગવાં વસ્ત્રો, આ બધી ફેન્સી ડ્રેસની આઇટેમ ભારતીય જનમાનસની દુ:ખતી નસ છે. તેમાંથી કોઇ એક કે વધુ ચીજધારણને જોઇને સરેરાશ ભારતીયના હાથ આપોઆપ જોડાઇ જાય છે અને માથું સહેજ ઝુકી જાય છે. સામેની વ્યક્તીનો દેખાવ જેટલો પ્રભાવશાળી, એટલાં શ્રદ્ધાળુનાં શારીરીક-માનસીક ઉચ્ચાલનો લપટાં અને પગમાં પડી જવાની વૃત્તી પ્રબળ. આ માનસીકતા સમજીને ગાંધીજીએ દેશસેવા કરવા આવેલ સ્વામી આનંદને ભગવાં ત્યજી દેવા કહ્યું. સ્વામી પણ માનતા હતા હે 'સાધુ દો રોટી, એક લંગોટી'ના હકદાર. એથી વધુ જેટલું સમાજ પાસેથી લે તેટલું અણહકનું, હક બહારનું. લીધેલાની દસ ગણી ફેડ એક ગૃહસ્થનો ગજ. સાધુનો સહસ્ત્રનો. સાધુ લે એનાથી સહસ્ત્ર ગણી સેવા કરે ત્યાં સુધી તો એણે નકરી અદાયગી કરી. દુનીયાની ઘરેડે જ ચાલ્યો. અદકું કશું ન કર્યું. એથી વધુ કરે તેની વશેકાઇ.' સ્વામી આનંદના ગજથી માપતાં, આજના કેટલા બાવા-બાપુ-ગુરુઓને 'સાધુ' કહી શકાય?

સામાજીક પ્રભાવ ધરાવતા ગુરુ વગદાર-પૈસાપાત્ર અનુયાયીઓને હાથમાં રાખે છે અને એ અનુયાયીઓ ગુરુને હાથમાં રાખે છે. બન્ને પોતાના સ્વાર્થ માટે એક-બીજાને રમાડે છે, પણ સરવાળે બન્નેનો સ્વાર્થ સધાતો હોવાથી કોઇ પક્ષે ફરીયાદ નથી

જુના વખતના સન્યાસીઓ જ્યારે માથું મુંડાવી નાખતા હતા અને મુંડાઓ સન્યાસી તરીકે ચરી ખાતા હતા ત્યારે એક કહેવત પ્રચલીત હતી: 'સીર મુંડન મેં તીન ગુન, સર કી જાવે ખાજ (ખંજવાળ)/ ખાને કો લડ્ડુ મીલે, લોગ કહે મહારાજ.' હવેના જમાનામાં દાઢી માટે આવી કોઇ કહેવત કરવાની જરુર હોય એવું લાગે છે. લાંબી દાઢી પવીત્રતાના મેક-અપનો આવશ્યક હીસ્સો ગણાય છે. અનુયાયીઓની વીવેકબુદ્ધી પર જાણે લાંબી દાઢી પથરાઇ જાય છે. આમ પણ કેટલા અનુયાયીઓ જ્ઞાનપ્રાપ્તી માટે

કે અધ્યાત્મીક કારણોસર બાવાબાપુઓ પાસે જાય છે? મોટા ભાગના લોકો ભૌતીક સુખની પ્રાપ્તી માટે અને એ સુખો મળી ચૂક્યાં હોય તો એ ટકી રહે એના માટે અને એ ટક્યાં હોય તો તેમાંથી ઊભા થયેલા બીજા પ્રશ્નોથી દુ:ખી થઇને કહેવાતા આધ્યાત્મીક ગુરુઓના શરણે જાય છે.

સેક્સોલોજીસ્ટની જેમ આધ્યાત્મીક ગુરુ બનવા માટે કોઇ ડીગ્રીની, અભ્યાસની કે જ્ઞાનની જરુર નથી. ઝુકતી દુનીયાને ઝકાવવાનો નફ્ફટ જુસ્સો હોવો આવશ્યક છે. બન્ને વચ્ચે મોટો ફરક એ છે કે સેક્સોલોજીસ્ટને 'બોગસ' વીશેશણનો અને પોલીસની તપાસનો હંમેશાં ડર રહે છે; જ્યારે બોગસ બાવાઓને આવી કોઇ ચીંતા હોતી નથી.:

ગુરુ-શીશ્યનું ગોટાળીયું ગણીત

એક વ્યક્તીના જોરે, તેની આવડત, નફ્ફટાઇ, ગુંડાગીરી, પ્રભાવ અને વીશ્વાસુ સાગરીતોની મદદથી એક પંથ, સંપ્રદાય, ગુરુ કે ફીરકાનું સામ્રાજ્ય ઉભું થઇ શકે છે. પણ તેને ધમધમતું રાખવા માટે અનેક પાયાની જરુર પડે છે. વગદાર અનુયાયીઓ એ ભુમીકા ભજવે છે. બહારથી જોતાં બન્ને વચ્ચે ગુરુ-અનુયાયીનો સંબંધ હોય એવું લાગે, પણ હકીકતમાં બન્ને પક્ષ પોતપોતાનાં સ્થાપીત હીતો આગળ ધપાવે છે. સામાજીક પ્રભાવ ધરાવતા ગુરુ વગદાર-પૈસાપાત્ર અનુયાયીઓને ગુરુ હાથમાં રાખે છે અને એ અનુયાયીઓ ગુરુને હાથમાં રાખે છે. બન્ને પોતાના સ્વાર્થ માટે બીજાને રમાડે છે, પણ સરવાળે બન્નેનો સ્વાર્થ સધાતો હોવાથી કોઇ પક્ષે ફરીયાદ નથી. કેટલાક ધનીક ભક્તો સ્થાપીત હીતને બદલે 'સંસ્કાર'ની કે સ્ટેટસની કમી પુરી કરવા માટે આધ્યાત્મીક ક્લબોમાં જોડાય છે.

આ સમીકરણમાં સામાન્ય, ગરીબ કે મધ્યમ વર્ગના અનુયાયીનું સ્થાન ક્યાં? સીધી વાત છે: બાવાજીઓના બીઝનેસમાં સામાન્ય અનુયાયીનું મહત્ત્વ ફક્ત સંખ્યાત્મક છે. એ ન હોય ત્યાં સુધી બાવાજીનો ધંધો ન ચાલે, પણ એ આવી જાય એટલે તેનું સ્થાન ટોળામાં જ રહે છે. તેણે દુરથી બાવાજીનાં દર્શન કરીને ધન્ય થવાનું.

મહેનત વગરની, અણહકની અઢળક સંપત્તી મળે, રુપીયા, જમીનો, મકાનો, નેતાઓ સાથે નીકટતા, અફસરો સાથે સંબંધ-આ બધાને કારણે ગુરુના મનમાં એવી રાઇ ભરાય છે કે તે કાયદાથી પર છે. સામાન્ય અનુયાયીઓમાં એટલી હીંમત કે શક્તી નથી અને ખાસ અનુયાયીઓ પોતોનાં સ્થાપીત હીત જાળવવા બગાવત કરે એમ નથી. તેમ છતાં કોઇ આઘુંપાછું થાય તો પોલીસ-વહીવટીતંત્ર અને સરકાર આપણાં જ છે, આવી માન્યતા તે ધરાવતા થાય છે.

અફસોસની વાત એ છે કે દુશ્ટ ગુરુઓ સામે સોપો પડી જાય એવી કાર્યવાહી થવાને બદલે તેમની માન્યતાઓ સાચી ઠરે એવી ઘટનાઓ વધારે બને છે. સ્વાધ્યાય પરીવારનો કીસ્સો બહુ જુનો નથી.

નખત્રાણામાં મળેલી ધર્મસભા સાધ્વી પ્રજ્ઞાનો બચાવ કરે છે: હીન્દુ ક્યારેય આતંકવાદી બનતો નથી

નખત્રાણામાં મળેલી ધર્મસભાના ત્રીજા-છેલ્લા દીવસે ઉપસ્થીત સંતો-મહંતોએ રાજનીતી અને ધર્મને યોગ્ય રીતે જોડવાથી રાશ્ટ્રીયતા મજબુત થશે તેવું ગણાવી સાધ્વી 'પ્રજ્ઞાશ્રીજી'ના મુદ્દે કેન્દ્ર અને મહારાશ્ટ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા.

અખીલ ભારતીય સાધુ સમાજના મહામંત્રી સ્વામી હંસરાજજી મહારાજે કહ્યું, કે હીન્દુ ક્યારેય આતંકવાદી બનતો નથી. મતોની રાજનીતીમાં કેન્દ્ર સરકાર સાધુઓને ફસાવી રહી છે. બનાવટી ટેપને આધારે સાધ્વી 'પ્રજ્ઞાશ્રીજી'ની ધરપકડ કેન્દ્ર અને મહારાશ્ટ્ર સરકાર દ્વારા લોકોનું ધ્યાન અન્યત્ર વાળવાનો પ્રયાસ છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

ધરપકડના વીરોધમાં નવમી (નવેમ્બર)થી રાશ્ટ્રવ્યાપી જનજાગરણ અભીયાન શરુ કરાશે તેવી ચીમકી તેમણે આપી હતી. (તા. ૭-૧૧ના અખબારી અહેવાલ)

તારીખ તો ક્યારની વહી ગઇ. પણ પ્રશ્ન અહીં એ થાય કે આ સાધુસભા આસારામની વહારે કેમ ચડી નહીં હોય? કઇ બીકે એમને રોક્યા હશે? ધગતા તપેલાને અડવાથી હાથ દાઝવાની બીકે?

એક પક્ષમાં 'સૈદ્ધાંતીક મતભેદ'ની ઓથે સત્તાની સાઠમારીમાંથી બે તડાં પડે, અસંતુશ્ટોના બોલકા આગેવાનની ધોળે દહાડે હત્યા થઇ જાય અને છતાં સરકાર શીળી છાયા તળે આરોપીનો પોતાના અનુયાયીબળ (વાંચોઃ વૉટ બૅન્ક)ના જોરે, 'આધ્યાત્મીક' દબદબા સાથે બહાર ફરતા રહે - રાજકારણ સહીત બીજા કોઇ પણ ખરાબ ગણાતા ક્ષેત્રમાં આનાથી વધુ ખરાબ બીજું શું થઇ શકે?

આધ્યાત્મીકતાનો છુટક અને જથ્થાબંધ ધંધો કરતા સ્ત્રી અને પુરુશ ગુરુઓ રાજકારણમાં આવે તો તેમને આશ્રય આપનારા નેતાઓ જ તેમનાં કરતુત ઉઘાડાં પાડી બતાવે. પણ ગુરુઓમાં એટલી સ્વાર્થબુદ્ધી સાબુત હોય છે. તે પોતે કદી રાજકારણમાં જતા નથી. એટલે રાજકારણીઓ તેમની સાથે સ્પર્ધાભાવ અનુભવતા નથી અને વૉટ બૅન્કનો ફાયદો મેળવવા માટે બધું જાણીને પણ કહેવાતા ગુરુઓને છાવર્યા કરે છે.

સ્વામી આનંદના ગજથી માપતાં આજના કેટલા બાવા-બાપુ-ગુરુઓને સાધુ કહી શકાય?

લાગણી કેમ દુભાતી નથી?

વેલેન્ટાઇન ડેની ઉજવણીથી માંડીને દેવીદેવતાઓનાં ચીત્ર બાબતે ઘણા લોકોની લાગણી દુભાય છે અને એ લોકો તોડફોડ પર ઉતરી આવે છે. હીન્દુત્વના આ સગવડીયા રખેવાળોની લાગણીનું બાવા-બાપુઓ, બહેનોનાં કૌભાંડો બહાર આવે ત્યારે શું થાય છે, એ જાણવા મળતું નથી. હીન્દુ ધર્મની ખરી બદનામી કોઇ વીદ્યાર્થીએ દોરેલા એકાદ ચીત્રથી વધારે થાય કે હીન્દુ ધર્મની ઓથે ગોરખધંધા કરનારા બાવાઓથી? પરંતુ લાગણી દુભાવવાની બુમો પાડનારાઓનાં પણ સ્થાપીત હીત હોય છે. હીન્દુ અને બીજા ધર્મીઓ વચ્ચેની ખાઇ વધવાની હોય તો જ તેમને લાગણી દુભાવવાની મજા આવે છે, પણ ગુરુકુળોમાં ખુનખરાબા થાય, આશ્રમોમાં લોકોને ગોંધી રખાય કે તેમની હત્યા થાય, હરીફોનાં અપહરણો કરાવે, બાવાઓનાં બે જુથ વચ્ચેની અથડામણને કારણે ગામમાં કરફ્યુ નખાય... આવા સંખ્યાબંધ બનાવ બન્યા પછી પણ લાગણીશુરાઓની લાગણી કેમ દુભાતી નથી? હીન્દુ ધર્મને આગળ ધરીને, લોકોની માનસીક નબળાઇનો ગેરફાયદો ઉઠાવીને પોતાની શારીરીક, માનસીક, આર્થીક વાસનાઓ સંતોશતા ધર્મગુરુઓ જે કરે છે, તે હીન્દુ ધર્મનું હળાહળ આપમાન નથી?

બાવાઓનો પાપાચાર હદ વટાવી જાય ત્યારે થોડા અનુયાયીઓનો હૃદયભંગ થાય છે. બનાવટી બાવાઓ અને તેમના ધંધા પ્રત્યે થોડા અનુયાયીઓના મનમાં વૈરાગ્ય જાગે છે, જે ઘણું ખરું સ્મશાનવત્ સાબીત થાય છે.

બાકીના અનુયાયીઓની આંખ પોતાનાં હીત ન જોખમાય ત્યાં સુધી ઉઘડતી નથી-અને આંખ ઉઘડે છે ત્યારે બહુ મોડું થઇ જાય છે.

સરકારી કાર્યવાહી દ્વારા અભેદ્ય ગઢમાં ફેરવાઇ ગયેલા અનીશ્ટોના અડ્ડા જેવા આશ્રમોને કંપનીમાં ફેરવી નાખવામાં આવે, તેના હીસાબકીતાબ જાહેર કરવાની ફરજ પાડવામાં આવે, તેના દરવાજા બહારની તટસ્થ તપાસ માટે ખુલ્લા રહે અને અનુયાયીઓને સવાલો પુછવાની સત્તા મળે તો સ્થીતીમાં સુધારો થવાની આશા રાખી શકાય. બાકી, આસારામ આશ્રમના વીવાદથી આધ્યાત્મીક ક્ષેત્રનાં કૌભાંડોની લાંબી યાદીમાં વધુ એક કૌભાંડના ઉમેરા સીવાય બીજો કશો ફરક પડવાનો નથી. ■

આવા પ્રયત્નો થતા જ રહેવા જોઇએ

મીત્ર ઉર્વીશ કોઠારીએ 'ગુજરાત સમાચાર'ની તેમની કોલમ 'દ્રશ્ટીકોણ'માં તા. ૧૮મીને મંગળવારે 'ભગવાન કે વીજ્ઞાન'ના શીર્શકે રેશનાલીઝમ અને ગુજરાત મુંબઇના રેશનાલીસ્ટો વીશે ચર્ચા છેડી છે, જેનો આ પહેલો હપ્તો છે.

જેના પણ હાથમાં કલમ અને કોલમ છે તેવા લેખકો કોઇપણ પ્રકારે રેશનાલીઝમની જાહેર ચર્ચા કરતા રહે તે ખુબ જ જરુરી છે.

ઉર્વીશની લેખમાળા પુરી થયે આપણે એ વીશે ખુલ્લી ચર્ચા કરીશું - તંત્રી

રાજકારણમાં ધર્મનો પ્રવેશ માણસજાત માટે જોખમી છે

– ધવલ મહેતા

૨૧મી સદીમાં જગતના રાજકારણમાં ધર્મ આટલો મોટો ભાગ ભજવશે એની કોઇએ કલ્પના કરી નહોતી. આ સંદર્ભમાં સામ હેરીસનું ૨૦૦૪માં પ્રકાશીત થયેલું પુસ્તક 'ધ ઍન્ડ ઑફ ફેઇથ: રીલીજીયન, ટેરર ઍન્ડ ધ ફ્યુચર ઑફ રીઝન' (ડબ્લ્યુ. ડબ્લ્યુ. નોર્ટન, ન્યુયોર્ક) અગત્યના વીચારો રજુ કરે છે. સામ હેરીસ ઇશ્વરના અસ્તીત્વનો ઇનકાર કરે છે અને તેઓ ન્યુરો સાયન્સના ક્ષેત્રમાં કામ કરે છે. તેઓ સૌપ્રથમ તો જણાવે છે કે દરેક ધર્મ અંતીમ સત્યનો દાવો કરે છે.

આપણી પરીસ્થીતી આ પ્રમાણે છે: દુનીયાના મોટા ભાગના લોકો એમ માને છે આ સૃશ્ટીના સર્જકે પુસ્તક લખ્યું છે. કમભાગ્યે આપણી પાસે આવાં ઘણાં પુસ્તકો (કુરાન, બાઇબલ, ગીતા વગેરે) છે અને દરેક પુસ્તક એવો દાવો કરે છે કે માત્ર તેની પાસે જ સત્ય છે. વળી આ અંદરોઅંદર હરીફાઇ કરતી માન્યતાઓ પાછળ સંગીન પુરાવાઓનો અભાવ છે.

દરેક ધાર્મીક પરંપરાનું એવું સ્પશ્ટ માનવું હોય છે કે અન્ય ધર્મની પરંપરાઓ ભુલભરેલી છે અથવા તો ભયજનક રીતે અધુરી છે. દરેક ધર્મમાં આમ મુળભુત રીતે અસહીશ્ણુતા હોય છે. દા.ત. મૃત્યુ પછી શું થાય છે તે અંગેની જુદી જુદી માન્યતા ધરાવતા લોકોને મર્યાદીત સાધનો (રીસોર્સીઝ)વાળા સમાજમાં સાથે રહેવાનું જણાવો. એમ કરવાનું પરીણામ આપણે જોઇ રહ્યા છીએ: ખુનોનું અવીરત ચક્ર. અત્યાર સુધી આ પ્રકારનાં ખુનો અને હુલ્લડોની ઘટનાઓ સ્થાનીક કે પ્રાદેશીક હતી. હવે ધર્માંધ ખુનીઓના હાથમાં અત્યંત સંહારક આધુનીક શસ્ત્રો આવતાં માનવજાતના અસ્તીત્વ માટે જોખમ ઉભું થયું છે.

ધર્મમાં આસ્થા ધરાવતા મોડરેટ્સ (મધ્યમાર્ગીઓ):

સામ હેરીસ માને છે કે કરોડો લોકો જે ધર્મમાં આસ્થા રાખે છે, પરંતુ કટ્ટરપંથી નથી તેઓ આપણા સમાજ માટે મોટી સમસ્યા ખડી કરે છે. તેઓ ધાર્મીક સંઘર્શો માટે જવાબદાર છે, કારણ કે તેઓ શ્રદ્ધા માટે બૌદ્ધીક અને સાંસ્કૃતીક તળભુમી પુરી પાડે છે. તેઓ તેમની શ્રદ્ધાને કારણે એવો સાંસ્કૃતીક અને સામાજીક સંદેશ પુરો પાડે છે, જેથી ધર્મગ્રંથોમાં લખાયેલું જુઠાણું કદાપી ચકાસી શકાતું નથી કે પડકારી શકાતું નથી. તેઓ ધાર્મીક માન્યતાઓ સામેના મુકાબલાને કે પડકારને મોળો પાડી દે છે. સર્વધર્મ સમભાવમાં માનનારાઓની આ કડક ટીકા છે. ધાર્મીક પુસ્તકોમાં બે બાબતો મુખ્ય હોય છે. એક હકીકતલક્ષી અને બીજી સમાજમાં કેવી રીતે જીવવું કે વર્તવું તે નીતીમત્તાને લગતી.

ધર્મનાં હકીકતલક્ષી વીધાનો:

ધાર્મીક પુસ્તકોમાં જે હકીકતલક્ષી દાવાઓ હોય છે તે સાચા હોતા નથી. સામ હેરીસ કટાક્ષમાં જણાવે છે કે સૃશ્ટી આ રીતે વર્તે છે તે કેમ સાચું માનવાનું? કારણ કે ધાર્મીક પુસ્તકોમાં તે પ્રમાણે લખ્યું છે, પરંતુ ધાર્મીક પુસ્તકોમાં પણ ભુલ કેમ ના હોઇ શકે? કારણ કે તે ઇશ્વરપ્રણીત છે. તેનું ઇશ્વરે સર્જન કર્યું છે તે તેણે કહ્યું? ધાર્મીક પુસ્તકોમાં તેમ જણાવ્યું છે.

દા.ત. પૃથ્વીનું નીર્માણ ભગવાને કર્યું છે. આ પૃથ્વી રચવા માટે ભગવાનને છ દીવસ લાગ્યા અને સાતમા દીવસે તેણે આરામ કર્યો. આ પૃથ્વી લગભગ ૬૦૦૦ વર્શ પહેલાં સર્જાઇ છે. માણસના દેહમાં અજર અમર એવું આત્મા નામનું તત્ત્વ છે વગેરે. સામ હેરીસ બહુ જ સ્પશ્ટ રીતે જણાવે છે કે જે લોકો કોઇ રેશનલ આધાર વીનાની માન્યતાઓ ધરાવે છે તેમને આપણે અમુક રીતે ઓળખી શકીએ છીએ. જો સમાજમાં પુશ્કળ લોકો રેશનાલીટીના આધાર વીનાની માન્યતાઓ ધરાવતા હોય તો તેઓ ધાર્મીક કે શ્રદ્ધાળુ ગણાય છે, જ્યારે કોઇ એકલદોકલ એવી ધાર્મીક માન્યતા ધરાવે તો આપણે તેને 'પાગલ' સાયકેટીક કે ભ્રમીત માનસના કહીએ છીએ.

આ સૃશ્ટીનો સર્જક તમારી પ્રાર્થના સાંભળે છે તેવું માનવું આપણા સમાજમાં સાધારણ (નોર્મલ) ગણાય છે, જે માત્ર ઇતીહાસનો એક અકસ્માત છે. ખરેખર તો આ માનસીક રોગની જ એક નીશાની ગણાય. અલબત્ત પ્રાર્થના કરવાથી તમારા મનને શાંતી મળે છે

કે તમારી ચીંતાઓ ઓછી થઇ જાય છે તે વાત અલગ છે. ઇશ્વર તમને પ્રાર્થનાનું ફળ આપે છે કે નહીં તેની સત્યતા ચકાસવી તે મુળ વીશય છે. આ અંગે કોઇ નક્કર પુરાવા મળ્યા નથી.

કોઇ વીચાર તમને માનસીક શાંતી આપે કે તમારા મનનું સમાધાન કરે તેથી તેને 'ઓબ્જેક્ટીવલી' (ઉદ્દેશાત્મક રીતે) સાચો માની શકાય નહીં. અલબત્ત, ઘણા વાચકોને એમ લાગે છે કે સામ હેરીસ ધર્મમાં આસ્થા ધરાવતા લોકો માટે ખુબ આક્રમક ભાશા વાપરે છે, પરંતુ તેઓ એમ કહે છે કે દુનીયાના કરોડો લોકો હીન્દુ, ઇસ્લામ, ક્રીશ્ચીયન, જ્યુડાઇઝમ વગેરે ધર્મોમાં માને છે અને તેઓ આ દુનીયામાં પુશ્કળ રાજકીય અને આર્થીક સત્તા ધરાવે છે. ધાર્મીક માન્યતાઓએ જગતમાં ખુબ હીંસા ફેલાવી છે. રાજકીય નેતાઓ તે માટે ઉદાસીન છે તેથી સમાજના સત્તાધારકોની માન્યતાઓ પાછળ રેશનાલીટીનો પાયો છે કે નહીં તે ચકાસવું જરુરી છે.

હીન્દુ પરંપરા કહે છે કે ઇશ્વરમાં માનવું હોય તો માનો, ના માનવું હોય તો ના માનો

જ્યોતીશ પણ એક અંધશ્રદ્ધા છે અને જેઓ જ્યોતીશમાં માને છે તેમની હાંસી ઉડાવતા ઘણા ટીવી કાર્યક્રમો રજુ કરી શકાય છે. પરંતુ જેઓ ધાર્મીક શ્રદ્ધા ધરાવે છે તેમની હાંસી ઉડાવવામાં આવે તો તેને પ્રભુનીંદા (બ્લાસ્ફેમી) ગણવામાં આવે છે અને તેના પર કેસ પણ ચલાવવામાં આવે છે અને ઇસ્લામમાં તો એ માટે મોતની સજા છે.

જ્યોતીશ અને ધર્મની માન્યતાઓ વચ્ચે આવો ભેદ શા માટે કરવામાં આવે છે? અલબત્ત, હીન્દુ ધર્મ પરંપરાઓ આ વીશયે ઉદારમતવાદી છે. તમારે ઇશ્વરમાં માનવું હોય તો માનો અને ના માનવું હોય તો ના માનો તેથી કોઇ ફરક પડતો નથી.

ભારતમાં ચાર્વાક અને સાંખ્યની ફીલોસોફી નાસ્તીક છે. જૈન અને બુદ્ધ પરંપરાઓ પણ નાસ્તીક છે. તેઓ વેદને 'અંતીમ સત્ય' માનતી નથી. હીન્દુ ધર્મમાં જ્ઞાતીપ્રથા તદ્દન અસહીશ્ણુ છે, ધર્મપ્રથા નહીં. ઇસ્લામ અને ખ્રીસ્તી ધર્મ વીસ્તારવાદી છે. તેઓ સમસ્ત જગતમાં ફેલાઇ જવા માગે છે. હીન્દુ ધર્મ વીસ્તારવાદી નથી, પરંતુ હીન્દુ ધર્મના રાજકારણીકરણ (પોલીટીસાઇઝેશન)ને કારણે તે ખ્રીસ્તી અને ઇસ્લામ ધર્મોના અનુયાયીઓ માટે હીંસક બન્યો છે. બજરંગ દળ અને વીશ્વ હીન્દુ પરીશદ કટ્ટરવાદી થતા જાય છે. આપણે ફરીથી યાદ કરી લઇએ કે સામ હેરીસ ધાર્મીક મોડરેટ્સ (મવાળો)ને અપરોક્ષ રીતે ધાર્મીક આતંકવાદ માટે જવાબદાર ઠેરવે છે.

ઇસ્લામમાં રેનેશાંનો અભાવ:

ખ્રીસ્તી ધર્મનાં રાજ્યોમાં આજથી લગભગ ૫૦૦ વર્શ પહેલાં રેનેશાં અને રેફોર્મેશન શરુ થયા તેમણે રોમન કેથોલીક ચર્ચના વડા પોપ સામે પડકારો ફેંક્યા તે વખતે ઉભા થયેલા વીજ્ઞાને ધાર્મીક સત્યને પડકાર્યું હતું. પોપે પોતાની રાજકીય સત્તા ગુમાવી દીધી હતી. મધ્ય યુગમાં ખ્રીસ્તી ધર્મ પણ ખુબ કટ્ટર હતો, પરંતુ રેનેશાંએ ધાર્મીક કટ્ટરતાના ઝેરી દાંત ખેંચી લીધા હતા. પશ્ચીમ યુરોપ અને અમેરીકામાં સીક્યુલરીઝમ સમાજમાં વ્યાપી ગયો. ઇસ્લામ જગતમાં ઇ.સ. નવમીથી તેરમી સદી સુધી જ્ઞાનનો સુવર્ણયુગ હતો. ઇસ્લામી જગતે (ખાસ કરીને આરબોએ) ગ્રીક ચીંતન પરંપરાને સાચવી જેનાથી પશ્ચીમ જગત ઘણું શીખ્યું અને તેનાથી રેનેશાંનો જન્મ થયો. તે પછી લોકશાહી જન્મી, પરંતુ તેરમી સદી બાદ ઇસ્લામીક જગતના જુનવાણી સુલ્તાનોએ એ સુવર્ણ યુગને તોડી નાખ્યો.

ઇસ્લામ સાથે સુસંગતતા:

ઇસ્લામ જગતમાં કોઇ રેનેશાં ન થયો. ટર્કીના યાતાટુર્ક સીવાય કોઇએ ઇસ્લામી ધર્મની સત્તાને પડકારી નહીં. આજે પણ રેડીકલ ઇસ્લામ અને મોડરેટ ઇસ્લામ વચ્ચે ખાસ તફાવતો જોવા મળતા નથી. બન્ને કુરાનમાં અને અલ્લાહમાં અખુટ શ્રદ્ધા ધરાવે છે. બન્ને કુરાનને અક્ષરશ: સત્ય માને છે. આથી ઇસ્લામી જગતમાં જે કંઇ ચર્ચાઓ થાય છે તે ઇસ્લામ ધર્મની મર્યાદામાં રહીને થાય છે. ઇસ્લામી જગત સાથે શું લોકશાહી, બેન્કીંગ, સ્ત્રીસ્વાતંત્ર્ય. ન્યુક્લીયર બૉમ્બ, આધુનીક ઉદ્યોગો સુસંગત છે કે નહીં અને તે સુસંગત હોય તો જ તે પ્રણાલીઓ અપનાવવી એવી ચર્ચાઓ ત્યાં ચાલે છે. લોકશાહી કે સેક્યુલરીઝમ એક મુલ્ય તરીકે નહી, પરંતુ જો ઇસ્લામ સાથે તે સુસંગત ના હોય તો તેને ના અપનાવવી એવી મર્યાદીત ચર્ચા ત્યાં ચાલે છે. એટમોકી બૉમ્બને પણ ઇસ્લામી બૉમ્બ નામ

આપવામાં આવે છે. ઇસ્લામીક જગતમાં કુરાન સાથે કે ઇસ્લામના મુળભુત સીદ્ધાંતો સાથે જે અસહમતી દર્શાવે તેને મોતની સજા થાય છે. જોકે ત્યાં વહેવારમાં હંમેશાં અમલ થતો નથી, પરંતુ મૌલવીઓ તે અંગેના ફતવા બહાર પાડે છે. મુસ્લીમ ધર્મમાં જેહાદનાં બે ચર્ચ છે. આંતરીક જેહાદ પોતાની શુદ્ધી માટે છે, પરંતુ બહારી જેહાદ તો ઇસ્લામમાં નહીં માનનારા સામે યુદ્ધ છેડવાનું સ્પશ્ટ રીતે જણાવે છે.

ખ્રીસ્તી ધર્મમાં પણ ફંડામેન્ટલીઝમ ઉભર્યો છે. આથી આર્થીક રીતે ઓછા તાકાતવર ઇસ્લામી રાજ્યોના કેટલાક કટ્ટરવાદીઓએ આતંકવાદનો માર્ગ લીધો છે. જોકે સામ હેરીસ કબુલ કરે છે કે જગતમાં વીચારસરણીઓના યુદ્ધોએ (સામ્યવાદ વીરુદ્ધ મુડીવાદ) પ્રચંડ હીંસા ફેલાવી છે. નાઝીવાદે કરોડો લોકોને મારી નાખ્યા હતા અને સામ્યવાદે પણ.

ટુંકમાં બધી જ ક્લોઝ્ડ (બંધીયાર) વૈચારીક પદ્ધતીઓ અતી હીંસક બની જાય છે. પછી તે ધાર્મીક હોય, રાજકીય હોય કે આર્થીક હોય.

બાપુ, તમે પણ.....!

આદરણીય મોરારીબાપુ,

નલીયાની રામકથામાં ગુજકોક અંગેના આપના વીચારો જાણીને અમને ઘણો આઘાત લાગ્યો. અમને લાગે છે કે ગુજકોક અને તેની સમગ્રતયા સામાજીક-કાનુની અસરો (સંભવીત) વીશે વીગતવાર જાણવાનો આપને સમય નહીં મળ્યો હોય, એટલે અમે આપને ગુજકોક સંદર્ભમાં નીચેની વીગતોથી માહીતગાર કરવા માગીએ છીએ.

ગુજરાતમાં જુલાઇ માસના અંતમાં બૉમ્બ બ્લાસ્ટની જે ઘટનાઓ બની તે ઘણી ગંભીર, દુ:ખદાયક અને આપણને બધાને ખળભળાવી દેનારી હતી. આપણને તેની કળ વળતાં વાર લાગશે. જોકે, તેના ગુનેગારો પ્રવર્તમાન કાયદાની જોગવાઇઓમાં જ પકડાયા છે અને ન્યાયાલયમાં એમની સામે ખટલો ચાલશે ત્યારે વધુ વીગતો બહાર પણ આવશે.

પરંતુ, આપને જણાવવા માંગીએ છીએ કે આ ગુજકોક, પોટા (POTA)ની પ્રતીકૃતી સમાન છે. આ પોટા (POTA)ના અમલે-ગેરઅમલે દેશભરમાં માનવઅધીકારોના મુદ્દે કેટલા બધા ગંભીર સવાલો ઉભા કર્યા હતા અને તેની વીરુદ્ધમાં દેશભરમાં એક પ્રબળ લોકમત ઉભો થયો હતો, જેના કારણે તેને રદ કરવાની સરકારને ફરજ પડી હતી. આપણા બંધારણમાં પ્રબોધેલ મનુશ્યસહજ ગૌરવ અને મુળભુત અધીકારોના જુસ્સાની વીરુદ્ધમાં જાય તેવા કાયદાના ઘડતરનો આગ્રહ કોઇ રાજકીય પક્ષની 'વૉટ બૅન્ક'ના સંદર્ભમાં હોઇ શકે, પણ આપણા સહુ માટે તો તે 'નાગરીક ધર્મ'ની વીરુદ્ધની વાત ઠરશે તે સાફ છે. ઉપરાંત, કેન્દ્ર સરકારે પસાર કરેલ અનલોફુલ ઍક્ટીવીટીઝ પ્રીવેન્શન ઍક્ટ (UAPA) તો અમલમાં છે જ. વળી, એ બાબત તરફ પણ આપનું ધ્યાન દોરવા માંગીએ છીએ કે મહારાશ્ટ્ર, દીલ્હી અને કર્ણાટકમાં ગુજકોક જેવો કાયદો હોવા છતાં બૉમ્બ બ્લાસ્ટ થયા જ છે. પરસ્પર ભાઇચારા સહીત શાંતી સ્થપાય અને લોકોને ન્યાય મળે ત્યારે જ પ્રશ્નોના ઉકેલ આવે.

ને કાયદો હોવા માત્રથી જ બધા વીકરાળ પ્રશ્નો ઉકલી જતા હોત તો આપે **'બેટી બચાવો'**ની પ્રતીજ્ઞા લેવડાવવી પડી હોત? જ્યાં સુધી પ્રશ્નના મુળમાં જઇ તેનો ઉકેલ શોધી નહીં કઢાય ત્યાં સુધી તેને જડમુળમાંથી નાબુદ નહીં કરી શકીએ.

અમે એમ પણ સમજીએ છીએ કે જ્યારે ધારાકીય પ્રક્રીયા ચાલુ હોય ત્યારે તેને માટે સહી ઝુંબેશ કે ઝનુન ઊભાં કરવાં તે લોકશાહી પ્રક્રીયાનો પ્રતીકાર છે.

રુબરુ મળી શકાય તો વીગતવાર સંવાદ પણ કરી શકાય.

હાલ તો આટલી માહીતી જ પુરતી છે એમ માનું છું.

- ગૌતમ ઠાકર

૪, સંમીત્ર સોસાયટી, જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧.

'મુંબઇ સમાચાર'ની 'વાચકની કલમે' વીભાગમાં છપાયેલો આ પત્ર રેશનાલીસ્ટોએ સ્વસ્થ અને તટસ્થ બુદ્ધીથી વાંચવા જેવો છે.

હું પાંડુરંગ શાસ્ત્રીનો કે તેમના પ્રેર્યા સ્વાધ્યાયનો સહેજ પણ તરફદાર નથી. તેમ છતાં આ પત્ર મને 'વીવેકપંથી'માં છાપવા જેવો એટલા માટે લાગ્યો છે કે વૈચારીક બંધીયારપણું માણસને કેવો બાંધી રાખે છે તેનો રેશનાલીસ્ટોને ખ્યાલ આવે. સાથે સાથે એ પણ ખ્યાલ આવે કે અંધશ્રદ્ધા નીર્મુલનને આવકારવા ધાર્મીક લોકો પણ મોટા પ્રમાણમાં વ્યાપ્ત છે, તો સામે માત્ર અંધશ્રદ્ધા નીર્મુલનને જ રેશનાલીઝમ માનતા રેશનાલીસ્ટોનું પ્રમાણ પણ નાનું સુનું નથી.

'વીવેકપંથી'ની તટસ્થ નીતી જોતાં આ પત્રને પણ સ્થાન મળશે તેવી આશાથી મોકલું છું. મારું નામ આપના પુરતું જ રાખવા વીનંતી. ***- એક વાચક***

ધર્મ-જપ-તપ પુજા નીરર્થક? - વીનોદ કેવડીયા

વીજ્ઞાનના વીકાસ સાથે સમાજમાં એક એવો વર્ગ જોવા મળે છે, જે માનવજીવનને ફક્ત વૈજ્ઞાનીક દૃશ્ટીથી નીહાળવાનો આગ્રહ રાખીને ધર્મ-જપ-તપ-ઉપાસનાને નીરર્થક ગણાવીને એને ફેંકી દેવાની વણમાગી સલાહ સમાજને આપતો રહે છે. ધર્મ-ધાર્મીક ઉપાસના કરનારા ઇશ્વરવાદીને આ વર્ગને બોધો-મુર્ખ સમજે છે અને પોતે બૌદ્ધીક-રેશનાલીસ્ટ હોવાના દાવા સાથે ફરતો રહે છે. ધર્મ આજે ચમત્કારાધીશ્ઠ થયો છે. વહેમો અને અંધશ્રદ્ધાના કચરાથી ધર્મ મલીન થયો છે ત્યારે આ કચરો દુર કરવાના પ્રયાસો કરવા એ જ સાચી બૌદ્ધીકતા છે, સમાજધર્મ છે, રાશ્ટ્રધર્મ છે. ઇશ્વરવાદ અને નીરીશ્વરવાદ અનાદી છે. ધર્મ અને ઇશ્વર પરની શ્રદ્ધા ઉડાવી દેવાનો નીરીશ્વર-વાદીઓનો પ્રચાર અધર્મ છે. ધર્મમાં ઘુસી ગયેલી અંધશ્રદ્ધા નીર્મુલનના પ્રયાસો આવકારદાયક ગણાય અને આવા પ્રયત્નો કરનારા સમાજ-સુધારકો અને રેશનાલીસ્ટોને સલામ કરીએ-પરંતુ અંધશ્રદ્ધા નીર્મુલનને બદલે ધર્મના જ નીર્મુલનના પ્રયાસો કરનારા માટે તો શું કહેવું?

માનવજીવન ખાઓ-પીઓ-મોજ કરોના પશુવાદી ભૌતીકવાદ માટે માત્ર નથી કે જેથી માત્ર વૈજ્ઞાનીક દશ્ટીકોણ રાખીને જ જીવવું જોઇએ. માનવજીવન એટલે ભૌતીકતા અને આધ્યાત્મીકતાનું સંયોજન. માત્ર વૈજ્ઞાનીક દશ્ટીકોણથી જ વીચારીને સમાજરચના કરવામાં આવે તો વીજ્ઞાનના શરીરશાસ્ત્રના નીયમ મુજબ કોઇ પણ સ્ત્રી-પુરુશ દ્વારા પ્રજોત્પત્તી થઇ શકે એ સો ટકા સત્ય વૈજ્ઞાનીક નીયમાનુસાર માતા-પુત્ર, પીતા-પુત્રી, ભાઇ-બહેન દ્વારા પ્રજોત્પતી થાય-પરંતુ વીશ્વમાં ક્યાંય આવું થતું નથી એનું કારણ એ જ કે માનવજીવનમાં ધર્મ-તત્ત્વ સનાતન છે. ધર્મ એ દીશા છે જે માનવસમાજને સભ્ય, સુસંસ્કારી ? બનાવે છે. ધર્મ આત્મજન્ય છે માટે માતા-પુત્ર, પીતા-પુત્રી, ભાઇ-બહેનના ભાવનાત્મક સંબંધો અનાદી છે જે આત્મામાંથી પ્રકટ થાય છે. ભૌતીક જીવન માટે વીજ્ઞાનની જરુર છે અને આધ્યાત્મીક જીવનના વીકાસ માટે ધર્મની વીશેશ જરુર છે. માનવજીવનની આ બે પાંખ છે. કોઇ એકને કાપી નાખવાથી જીવનવીકાસનું ઉડ્ડયન શક્ય જ નથી. માટે ધર્મ-ઇશ્વર પર ચોકડી મુકનારા રેશનાલીસ્ટોએ ફેરવીચાર કરવો જોઇએ.

ધર્મથી દુર ભાગતો રેશનાલીસ્ટ માનવધર્મ અને માનવકલ્યાણની વાતો કરતો રહીને ધર્મગુરુઓને ભાંડતો રહે છે. વાસ્તવીકતા એ છે કે કુદરતી આફતો જેવી કે ભુકંપ, અતીવૃશ્ટી, દુશ્કાળ હોય ત્યારે કોઇના બોલાવ્યા વીના ધર્મગુરુઓ, ધાર્મીક સંસ્થાઓ, મંદીરો દ્વારા કરોડોનાં રાહતકાર્યો કોઇ ભેદભાવ વીના કરવામાં આવે છે. ઉપરાંત શીક્ષણ, આરોગ્ય, જીવદયા ક્ષેત્રની સમાજની જરુરીયાતો પુરી કરવામાં પણ ધર્મક્ષેત્ર અગ્રેસર રહે છે.

રેશનાલીસ્ટના બીલ્લા લગાડીને ફરનારા બૌદ્ધીકો આવાં માનવકલ્યાણનાં કાર્યોમાં આગળ આવ્યા હોય એવું જોવા-સાંભળવા મળ્યું નથી. સાંભળવા મળે છે

એ જ ઘસાઇ ગયેલી રેકર્ડ કે ધર્મ-ઇશ્વર પર મુકો ચોકડી, બંધ કરો જપ-તપ-મુર્તીપુજા! પાછા એવી દલીલ પણ કરે છે કે મહાવીર-બુદ્ધ પણ ઇશ્વરમાં માનતા નહોતા! પ્રશ્ન એ થાય કે તો પછી મહાવીર-બુદ્ધ ધ્યાનસ્થ અવસ્થામાં કોનું ધ્યાન ધરતા'તા?

ધર્મથી દુર રહેનારા ધર્મની ફીલસુફી જાણતા નથી કે મહાવીરે નીરાકાર બ્રહ્મના-નીરાકાર આત્મતત્ત્વના ચીંતનમાં સમાધીસ્થ થઇને આત્મજ્ઞાન-કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. આત્મા એ પરમાત્માનો જ અંશ છે ત્યારે નીરીશ્વરવાદ ક્યાં આવ્યો? જ્ઞાન માર્ગ નીરાકાર ઇશ્વરની પ્રાપ્તીનો માર્ગ છે અને ભક્તીમાર્ગ સાકાર ઇશ્વરપ્રાપ્તીનો માર્ગ છે માટે જ મુર્તીપુજા છે, મુર્તીપુજા ભૌતીક નથી, આધ્યાત્મીક છે અને મન-બુદ્ધીનું શુદ્ધીકરણ કરીને દૈવી બનાવનારી જડીબુટ્ટી છે. માટે એ એક જબરદસ્ત માનસશાસ્ત્ર છે, મનોવીજ્ઞાન છે. મુર્તીપુજાને નીરર્થક સમજવી બૌદ્ધીક કંગાલીયત છે. ધર્મ એ માનવજીવનો પ્રાણ છે. ભારતની આ ભુમી પ્રાચીન કાળથી ધર્મપ્રધાન રહી છે.

અહીં હજારો રાજ્યસત્તાઓ, શાસનો થયાં, વીધર્મી ઇસાઇ અને ઇસ્લામી સલ્તનતો થઇ અને અનેક નીરીશ્વરવાદીઓ ધર્મને મીટાવી દેવાનાં ફાંફાં મારતા રહ્યા અને આ બધા શાસકો, શાસનો અને ધર્મવીરોધીઓ કાળના ખપ્પરમાં હોમાઇ ગયા-અડીખમ રહી ગયો ધર્મ! ધર્મ એ પ્રાણ છે અને ભક્તી એ એક જબરદસ્ત શક્તી છે. દાદા પાંડુરંગ શાસ્ત્રીજીએ તો આગળ વધીને કહ્યું, ''ભક્તી એ સામાજીક શક્તી છે'' -અને તેમણે એમના આ આત્મવીશ્વાસને ભક્તીને પાયામાં રાખીને રાશ્ટ્રનીર્માણનાં કાર્યો અકલ્પ્ય સફળતાપુર્વક કરીને ભક્તીની શક્તીનો પરીચય વીશ્વને કરાવી દીધો છે અને વીશ્વે એની નોંધ પણ લીધી છે.

માનવ-માનવને જોડવાના, ધર્મ-જાતી-કોમ-ભાશાના ભેદ ભુંસવાના, ધર્મ પર ચોંટેલા અંધશ્રદ્ધા અને વહેમોના કચરાને સાફ કરવાના અને લાખો યુવાનોને સાચા અર્થમાં ધાર્મીક બનાવીને રાશ્ટ્રનીર્માણના કાર્યમાં દોડતા કરવાના ભગીરથ કાર્યો દાદાજીએ ભક્તીની બેઠક પર કર્યાં છે, ભક્તીને પાયામાં રાખીને કર્યા છે અને ભક્તીની શક્તીનો પરીચય કરાવ્યો છે.

ધર્મ-જપ-તપ-સાધનાભક્તી નીરર્થક નથી, અર્થપુર્ણ છે અને માનવજાત માટે સુખ-શાંતી અને સર્વાંગી વીકાસનો એકમાત્ર માર્ગ છે-જરુર છે ધર્મ-ભક્તીની સાચી સમજણ ઉભી કરવાની.

(રેશનાલીસ્ટો પાસેથી તાર્કીક જવાબ અપેક્ષીત છે)

મારું રેશનાલીઝમ શૈક્ષણીક રેશનાલીઝમ છે – ડૉ. બી. એ. પરીખ

સુરતની સત્યશોધક સભાના પ્રમુખ ડૉ. બી. એ. પરીખ પાંચ દીવસ માટે મુંબઇ આવ્યા તે મુલાકાતનો લાભ લઇને તેમની સાથેનું મીત્રમીલન મીત્ર જવાહર મહેતાને ઘેર-નવી મુંબઇમાં રવીવાર તા. ૯મીએ યોજાયું હતું, જેમાં પોતે રેશનાલીસ્ટ કેમ અને કેવા તે વીસ્તારથી સમજાવતાં ભાનુભાઇએ કહ્યું હતું મારું રેશનાલીઝમ એકેડેમીક રેશનાલીઝમ છે.

ઉપસ્થીતોનું સ્વાગત સંયોજક દામજી સાવલાએ અને સભા-સંચાલન ગુલાબ ભેડાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે સુભાશ મહેતા અને મંડળીએ ગીત-સંગીતની મહેફીલ જમાવી હતી. નાદુરસ્ત તબીયત છતાં જવાહર મહેતાએ પાકા પાંચ કલાક બેસીને કાર્યક્રમ માણ્યો હતો. ગજબનું આત્મબળ ધરાવે છે જવાહર મહેતા અને ઇન્દુબેન.

ભારતીય નેતાઓ આમાંથી કંઇ શીખશે?

''**ગ**ઇકાલ સુધી હું ઓબામાનો હરીફ હતો, અમારી વચ્ચે જોરદાર ચર્ચા અને વૈચારીક ટક્કરો થઇ. મતભેદો રહ્યા અને રહેશે, પરંતુ આજથી મારા નવા રાશ્ટ્રપતી ઓબામાને સફળ બનાવવા અને અમેરીકન સ્વપ્ન સાકાર કરવાનો તન, મન, ધનથી પ્રયાસ કરીશ.'' અમેરીકન ચુંટણી હારી ગયેલા ઉમેદવાર મેકેકઇન.

ચુંટણી હારી ગયેલાં ખુબસુરત મહીલા ઉમેદવાર સાહરા પોલીને પણ ઓબામાને અભીનંદન સાથે સાથ-સહકારની ખાતરી આપી હતી.

ભારતના અણઘડ અને દ્વેશીલા નેતાઓ આમાંથી કંઇ શીખે એમ માની પણ શકાય?

વીવેકપંથી ૮૦

તંત્રીની કલમે

અંધમાન્યતા કંઇ આમઆદમીનો જ ઇજારો નથી

નવયુવાન વકીલ જયદેવ ત્રીવેદી 'વીચીત્ર વૃતાંત'માં અજબગજબની વાતો વીણી લાવે છે.

આ વખતે તેના ઘેરામાં ભારતના ટોચના ઉદ્યોગપતીઓ આવી ગયા છે, જેમ કે અનીલ અંબાણીનો ત્રણનો આંકડો, મુકેશ અંબાણીની વાસ્તુશ્રદ્ધા, અંબાણી બંધુઓની શુકનવંતી લાલ ટાઇ, વીજય માલ્યાની તીરુપતી શ્રદ્ધા, સુનીલ મીત્તલનો ૨૩નો આંકડો, એક ઉદ્યોગપતીની એક કરોડની મુર્તી અને તાતાની જ્યોતીશી શરણાગતી.

એમ કહેવાય છે કે શીક્ષણ વધતું જાય તેમ તેમ માણસના જ્ઞાનની ક્ષીતીજો વીસ્તરતી જાય, દૃશ્ટીનો વ્યાપ વધતો જાય અને મન-મગજની સુસ્તી ઉડતી જાય.

પરંતુ અંધમાન્યતાને એ સીદ્ધાંત લાગુ પડતો નથી.

શીક્ષીતો પોતાના ઉચ્ચ શીક્ષણનો ઉપયોગ અન્ય તમામ ક્ષેત્રોમાં કારગત રીતે કરતા હોય છે, શક્ય તેટલા વધુને વધુ ક્ષેત્રો આવરી લઇને શક્ય તેટલો વધુ વીકાસ સાધી લેવામાં સતત પ્રવૃત્ત રહેતા હોય છે, એમની ઓજસ્વીતા જીવનનાં વીવીધ ક્ષેત્રોમાં ઝળાંહળાં થતી રહે છે; પણ જ્યાં ધર્મ કે ભગવાનની વાત આવે ત્યાં એમની દૃશ્ટી હણાઇ જાય છે-વીચારપ્રક્રીયા થંભી જાય છે: એ દીશામાં નવી રીતે વીચારવાની વૃત્તી જ એમને થતી નથી. ચાલી આવતી પરંપરા પણ વધુ વીચારને પાત્ર છે એવું એમને લાગતું જ નથી.

આપણે માનતા આવ્યા છીએ કે માણસ ભય અને લાલચ થકી જ ધર્મ અને ઇશ્વરને શરણે જતો હોય છે અને જાતજાતના વહેમો પણ એ જ કારણે પોશતો હોય છે, પણ ઉપર કહ્યા માંધાતાઓને શાનો ભય હોય ? કઇ લાલચ હોય ? આમાં તો જો કંઇ કારણ ધારી શકાય તો એક જ કારણ ધારી શકાય અને એ છે માનસીક પ્રમાદ. અન્યથા જેમના સમયની મીનીટેમીનીટ કીમતી હોય, પ્રત્યેક ક્ષણનો જેઓ વીકાસાર્થે સદ્‌ઉપયોગ કરતા હોય તેઓ શું ધારે તો પોતાની અંધમાન્યતાઓને પણ ત્રાજવે તોળી ના શકે ?

સંભવ છે કે એમાં સમય બગાડવાનું એમને જરુરી નહીં લાગતું હોય. 'પરીવારની પરંપરા છે તો હાલવા દો ને, આપણને શું નુકસાન છે !' એવી બેદરકારી પણ સેવાતી હોય અથવા તો એ પોતે જ અંધમાન્યતાઓના શીકાર બનતા હોય.

એ જે હોય તે, પણ ઉપલા વર્ગની અંધમાન્યતાઓ આમસમાજને જબરદસ્ત નુકસાન પહોંચાડે છે.

સમાજના નીચલા સ્તરની વાત જવા દઇએ તો સરેરાશ સામાન્ય જન પણ એવા અગ્રેસરોના દાખલા લઇને પોતાની અંધમાન્યતાઓનો બચાવ કરતો થાય છે 'અરે અંબાણી જેવા અંબાણી કે તાતા જેવા તાતા કંઇ અમસ્તા એમાં માનતા હશે !' આવું સમાધાન વીચારશીલોને પણ જ્યાં મળી જતું હોય ત્યાં આમઆદમીની તો વાત જ શી કરવી !

સાફ શબ્દોમાં કહીએ તો સમાજનું નેતૃત્વ કરતા અગ્રેસરોની અંધમાન્યતાઓ સામાજીક જાગૃતી માટે ઘાતક છે. એમનું તો એથી કંઇ નુકસાન થવાનું નથી, પણ જાણ્યે-અજાણ્યે તેઓ સમાજને ભયંકર નુકસાન પહોંચાડી રહ્યા છે. એમના પગલે ચાલીને આમસમાજ અંધકારમાં ધકેલાતો જાય છે.

કોણ સમજાવે એમને ?

આર્થીક રીતે સંપન્ન વાચકોને

લવાજમની ચીંતા વગર 'વીવેકપંથી' વધુમાં વધુ વાચકો સુધી પહોંચાડવું છે. ઉપરાંત 'માનવીય સુખની ગુરુચાવી રેશનાલીઝમ' વ્યાપક સમાજ સુધી પહોંચે તે માટે અન્ય માર્ગો પણ કંડારવા છે. આ માટેની નાણાકીય જરુરત તમે સમજી શકો છો.

જે વાચકો પહોંચવાન છે તેમને આ માટે વાર્શીક રુ. ૧૨૦૦ ફાળવતા રહેવાનો અનુરોધ છે. આવાં ૧૦૦ નામો નોંધવાની નેમ છે. તમે જો પહોંચવાન હો તો VIVEKPANTHIના નામનો A/C Payee ચેક મોકલો. સરનામું પહેલા અને છેલ્લા પાને છે જ.

રેશનાલીઝમને વેગ આપવામાં તમારું યોગદાન ઇંધણની ગરજ સારશે.

ઇશ્વરના અસ્તીત્વ વીશે આસ્તીકો, અજ્ઞેયવાદીઓ અને નાસ્તીકો વચ્ચે મતભેદ ચાલ્યો જ આવ્યો છે. જો કે રેશનાલીઝમ માત્ર ઇશ્વર અને ધર્મના વીચાર પર જ કેન્દ્રીત નથી; એ તો એક જીવનશૈલી-જીવન જીવવાની પદ્ધતી છે.

તો સામે ઉપલા ત્રણે વર્ગોની બૌદ્ધીક ક્ષમતા સામે પ્રશ્ન પણ ઉઠાવી શકાય તેમ નથી. આ સંજોગમાં 'વીવેકપંથી' માને છે કે પુખ્ત ઇશ્વરવાદીઓ અને પુખ્ત નીરીશ્વરવાદીઓ વચ્ચે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને ઉંડી મીમાંસા કરવી જોઇએ. એવી પુખ્ત ચર્ચાના પરીણામે જો કોઇ નીશ્કર્શે પહોંચી શકાય તો એક મોટા મતભેદ પર પુર્ણવીરામ મુકી શકાય.

જો આ વીશયે વરીશ્ઠો રસ બતાવે તો તેવી બેઠક કે બેઠકોની જવાબદારી સાથી-મીત્રો અને ટેકેદારોના સહકારથી 'વીવેકપંથી' ઉઠાવી શકશે તેવી મને આશા છે.

વીચારશીલો અને બુદ્ધીમંતોનાં સુચનોને આવકાર છે. - તંત્રી

ગુણવંત શાહની ઇશ્વરાનુભુતી

- એન. વી. ચાવડા

૧૭ મે '૦૮ના 'મીડ ડે'માં 'આજની ઇ-મેલ' કટારમાં ગુણવંત શાહ 'કૃપાનુભુતી ઇશ્વરાનુભુતી' અંતર્ગત લખે છે કે 'રોજેરોજ બનતી નાની-મોટી અનુકુળ અને પ્રતીકુળ ઘટનાઓમાં ઉપરવાળાની કૃપાનો અનુભવ કરવો એ જેવી તેવી સંપ્રાપ્તી નથી... પ્રતી ક્ષણે માલીકના અનંત ઉપકાર હેઠળ હોવાની અનુભુતી ભક્તની સાચી અમીરાત છે... ઇશ્વરનો સાક્ષાત્કાર ન થાય તો પણ એની કૃપાની અનુભુતી સતત થતી રહે છે' ઇત્યાદી.

ઉપરોક્ત ઇશ્વરાનુભુતી-કૃપાનુભુતીમાં તથ્યાંશ શું છે, તેનું સંશોધન, વીશ્લેશણ અને નીરાકરણ એમના જ જીવનમાં ઘટેલી એક જાહેર ઘટનાને આધારે અહીં આપણે કરીશું.

એકાદ-બે વર્શ પહેલાં અમદાવાદમાં પંકજ ત્રીવેદીનું ખુન થયેલું, જેનો દોશ સ્વાધ્યાય પરીવારના કેટલાક અનુયાયીઓ ઉપર જાહેર થયો હતો. અનુકુળ-પ્રતીકુળ ઘટનાઓમાં ઉપરવાળાની કૃપાનો અનુભવ કરનાર ગુણવંત શાહને અને સ્વામી સચ્ચીદાનંદને ખુનની આ ઘટનામાં ઇશ્વરકૃપાનો અનુભવ ન થયો (?!) તેથી તેમણે ખુનની ઘટનાનો વીરોધ કર્યો. (કદાચ આ વીરોધ કરવાની ઘટનામાં તેમને ઇશ્વારાનુભુતી થઇ હશે) સ્વાધ્યાય પરીવારના વડાં 'દીદી'ની તેમણે કટુ શબ્દોમાં ટીકા કરી. આશ્ચર્ય એ છે કે પ્રત્યેક ઘટનામાં ઇશ્વરાનુભુતી કરનારાઓને પ્રત્યેક મનુશ્યમાં અર્થાત 'દીદી'માં ઇશ્વરની અનુભુતી ન થઇ. (શું ભક્તીનો એવો પણ એક નીયમ હશે કે અમુક ઘટનામાં ઇશ્વરાનુભુતી થાય અને અમુકમાં ન થાય?)

આ ઘટના બાદ સ્વામી સચ્ચીદાનંદ ઉપર વળતી રાત્રે હુમલો થયો. આશ્ચર્યની વાત એ છે કે આ હુમલામાં કે હુમલાખોરમાં સ્વામીજીને ઇશ્વરનાં દર્શન ન થયાં. તેથી તેમણે એક હુમલાખોરને બંદુકની ગોળીથી ઠાર માર્યો. (કદાચ તેમણે કરેલા આ ખુનમાં તેમને ઇશ્વરાનુભુતી થઇ હશે.) ગુણવંત શાહને કોઇએ આગોતરા ચેતવ્યા. તેથી તેમણે અગાઉથી પોલીસ રક્ષણ મેળવી લીધું. અર્થાત ગુણવંત શાહે પણ સંભવીત હુમલાને ઇશ્વરેચ્છા ગણી સ્વીકારવાને બદલે પોલીસના રક્ષણમાં ઇશ્વરકૃપાનો અનુભવ કર્યો.

ઉપરોક્ત સત્ય ઘટનામાં જોઇ શકાય છે કે આ બન્ને ઇશ્વરભક્તોને પ્રતીકુળ ઘટનાઓમાં ઇશ્વરકૃપાનાં દર્શન નથી થયાં, જ્યારે અનુકુળ ઘટનામાં ઇશ્વરની કૃપાનાં દર્શન થયાં છે અને એ પણ ખરેખર ઇશ્વરકૃપા નથી. કારણ કે વાસ્તવમાં તેમાં બંદુકની અને પોલીસની

કૃપા છે. એ સંજોગોમાં અનુકુળ-પ્રતીકુળ બન્નેમાં ઇશ્વરકૃપાનો અનુભવ કરવાનો ગુણવંત શાહનો દાવો કેવો તેના પર વીચાર કરવો રહ્યો.

શું કોઇ ભક્ત પોતાની પુત્રી પરના બળાત્કારને ઇશ્વરની કૃપા સમજી સ્વીકારી લેશે? અલબત્ત, નહીં જ. તે વખતે તો ભક્ત બળાત્કારીને ખતમ કરવા જ તત્પર બની જશે. બળાત્કારી બળવાન હોય અને પોતાના મકસદમાં સફળ થાય તો પણ ભક્ત તેને ઇશ્વરની કૃપા ગણી ચુપ નહીં રહી શકે. તે બીજા માણસોને પોતાની મદદમાં બોલાવશે. કોર્ટ-કચેરી કરશે. પરંતુ પ્રતીકુળ ઘટનાને કદીયે ઇશ્વરકૃપા નહીં માને. જીવનની આ વાસ્તવીકતા છે. ગુણવંત શાહ અને સ્વામી સચ્ચીદાનંદ પણ પ્રતીકુળ ઘટનાઓમાં ઇશ્વરકૃપાનો અનુભવ કરી શક્યાં નથી. નગ્ન સત્ય તો એ જણાય છે કે પ્રતીકુળ કે અનુકુળ કોઇ ઘટનામાં ઇશ્વરનો કોઇ હસ્તક્ષેપ નથી. જે કંઇ ઘટે છે તે પ્રકૃતીના નીયમ અને સ્થળ, કાળ, સંજોગ, પુરુશાર્થ અને તક અનુસાર ઘટે છે.

પ્રતીકુળ કે અનુકુળ કોઇ ઘટનામાં ઇશ્વરનો કોઇ હસ્તક્ષેપ નથી. જે કંઇ ઘટે છે તે પ્રકૃતીના નીયમ અને સ્થળ, કાળ, સંજોગ, પુરુશાર્થ અને તક અનુસાર ઘટે છે.

ગુણવંત શાહે 'કૃપાનુભુતી-ઇશ્વરાનુભતી' અંતર્ગત રજુ કરેલા વીચારોમાં વાસ્તવમાં કંઇ નવીનતા, આશ્ચર્યતત્ત્વ કે અલૌકીકતા નથી. એમના આ વીચારો મૌલીક કે સ્વતંત્ર પણ નથી. આવા વીચારો તો પુરાણો, રામાયણ, મહાભારત આદી અનેક ગ્રંથોમાં લખેલા પડ્યા છે. ગુણવંત શાહે અહીં માત્ર પોતાની ભાશા-શૈલીમાં એનો ઉતારો કર્યો છે. કથા, પારાયણો અને સત્સંગોમાં સાધુ-સંતોના ધર્મગ્રંથો પર આધારીત પ્રવચનો સાંભળીને આપણી સામાન્ય પ્રજા પણ પોતાને અનુકુળ ઘટનાઓમાં ઇશ્વરકૃપાનું આરોપણ કરતી હોય છે. કોઇ અકસ્માતમાં એકાદ બાળક કે વ્યક્તી બચી જાય છે, ત્યારે લોકો તરત જ બોલી ઉઠે છે 'રામ રાખે તેને કોણ ચાખે?' ગુણવંત શાહ આમાં નવું શું કહે છે? તો પછી તેઓ આવું શા માટે લખે છે? મારો સ્પશ્ટ મત છે કે માત્ર નાસ્તીકો ઉપર વ્યંગ કે કટાક્ષ કરવા માટે તેઓ આવું લખે છે. પ્રસ્તુત વીચારોમાં તેમણે નાસ્તીકો ઇશ્વરકૃપા વીના કોરા રહી જવાનો કટાક્ષ પણ કર્યો જ છે. પ્રત્યેક ઘટનામાં ઇશ્વરકૃપાની આનંદાનુભુતી જો થતી હોય તો તે તેવી અનુભુતીપ્રાપ્ત વ્યક્તીને આવો કટુ કટાક્ષ કરવાની જરુર પડે ખરી? સ્પશ્ટ છે કે ઇશ્વરાનુભુતી એ દંભ યા છલના અને સ્વછલના સીવાય કશું જ નથી. જ્યારે ઇશ્વર જ ન્યાયી, દયાળુ, સર્વજ્ઞ, સર્વશક્તીમાન છે એવું પુરવાર જ ન થઇ શકતું હોય ત્યાં ઇશ્વરકૃપાની વાત ટકે જ કઇ રીતે?

વાસ્તવીકતા એ છે કે ભક્તીના ઉદ્‌ભવ અને વીકાસનો ઇતીહાસ જો આપણે જાણીએ તો જ સત્ય તરફ આપણે જઇ શકીએ. વસ્તુતઃ ગુણવંત શાહે જે વીચારો રજુ કર્યા છે, તે નવધા ભક્તીનાં નવ લક્ષણોમાંનાં કેટલાંક લક્ષણો છે. આવી નવધા ભક્તી વેદકાળમાં નહોતી. અર્થાત્ વેદકાળના રુશીમુનીઓને અનુકુળ-પ્રતીકુળ ઘટનાઓમાં ઇશ્વરકૃપાનાં દર્શન થતાં નહોતાં. સ્વામી વીવેકાનંદ લખે છે કે, '*વેદકાળમાં ઇશ્વરનો અવતાર, સતયુગ, ત્રેતાયુગ વગેરે કાલખંડો, હજારો વર્શના આયુશ્યવાળા માણસો અને નવધા ભક્તી વગેરેનો ઉલ્લેખ નથી.*'

વેદકાળ પછીના મહાવીર અને બુધ્ધના કાળમાં પણ નવધા ભક્તી નથી. બુધ્ધે તો ઇશ્વરની ઘોર ઉપેક્ષા અને મહાવીરે તો ઇશ્વરના અસ્તીત્વનો સ્પશ્ટ ઇનકાર કર્યો હતો. એમણે માત્ર શીલ અને પ્રજ્ઞાનો જ ઉપદેશ આપ્યો છે.

ભક્તીમાર્ગનો ઉદય છેક પુરાણકાળમાં માત્ર બે હજાર વર્શ પર થયો છે. પુરાણો, મહાભારત, રામાયણ અને નારદનાં ભક્તીસુત્રો જેવા ગ્રંથોમાં નવધા ભક્તીનાં વર્ણનો આવે છે. પુરાણ કથાઓમાં પ્રલ્લાદને દરેક સ્થળે ઇશ્વર દેખાય છે. ધગધગતા થાંભલાને બાથ ભીડે છે, ત્યારે તેમાંથી ઇશ્વર નૃસીંહ અવતાર ધરીને પ્રગટ થાય છે, જે ઇતીહાસ નથી; પરંતુ સાચા ઇતીહાસને છુપાવવા માટેનું અને ઇશ્વર કલ્પનામાં મનુશ્યને ફસાવવા માટેનું એ મીથક છે; જ્યારે ઇશ્વરનો અવતાર અને નવધા ભક્તીનો સખત વીરોધ કરનાર સ્વામી દયાનંદ સરસ્વતી ઉપર અનેક હુમલા થયા

અને સત્તરમા હુમલે તેમનું મોત નીપજ્યું એ ઇતીહાસ છે. વાસ્તવીકતા એ પણ છે કે પ્રાચીન કાળમાં ભક્તી, જ્ઞાન, યોગ, કર્મ અને દર્શન વગેરે તમામ માર્ગોના અનુયાયીઓ ફક્ત પોતાનો જ માર્ગ સાચો અને શ્રેશ્ઠ અને અન્યનો માર્ગ ખોટો અને અધમ એમ માનીને પરસ્પરમાં લડતા હતા અને ખુન-ખરાબા પણ કરતા હતા. દરેક સ્થળે ઇશ્વરનો વાસ હોવાનો દાવો કરનારા લોકોને દયાનંદ સરસ્વતી જેવા પ્રકાંડ વીદ્વાનમાં પણ ઇશ્વર દેખાયો નહોતો.

મધ્ય યુગમાં થયેલા કબીર, નાનક, રૈદાસ, તુકારામ, એકનાથ, અખો વગેરેએ પણ આવી વેવલી ભક્તી પર પ્રહારો કર્યા છે. અખાએ કહ્યું છે, **એક મુરખને એવી ટેવ, પથ્થર એટલા પુજે દેવ'** આમ દરેક સ્થળે ઇશ્વર જોનાર મનુશ્યને અખાએ મુર્ખ કહ્યો છે. અર્થાત્ મુર્ખ મનુશ્યમાં અખાને પણ ઇશ્વરનાં દર્શન થતાં નથી. વાસ્તવમાં આ બધા સાધુ-સંતો સમાજસુધારકો હતા. તેઓ વર્ણવ્યવસ્થા, અસમાનતા, અવતારવાદ, મુર્તીપુજા, તીર્થયાત્રા, સંગમસ્થાન, ક્રીયાકાંડો, અંધવીશ્વાસો, કુરીવાજો વગેરેના વીરોધીઓ હતા. જો તેઓ ઇશ્વરભજનના પ્રચારકો હોત તો રૈદાસ અને તુકારામનાં ખુનો ન થયાં હોત. કબીરને મરાવી નાખવાના અનેકવાર પ્રયાસો ન થયા હોત. એકનાથ અને તુકારામના સાહીત્યને પાણીમાં ડુબાડી દેવામાં ન આવ્યું હોત. નરસીંહ મહેતાનું અપમાન કરીને તેની ઠેકડી ઉડાડવામાં ન આવી હોત. લગભગ તમામ સાધુ-સંતોને હેરાન-પરેશાન કરવામાં આવ્યા છે, તે દર્શાવે છે કે તેઓ કેવળ ભક્તીમાર્ગી નહોતા. પરંતુ તેમનો સાચો ઇતીહાસ આપણી સામે નથી. તેમના ઇતીહાસ અને સાહીત્યને ભક્તીમાર્ગ બનાવી ભ્રશ્ટ કરવામાં આવ્યું છે. સાધુ-સંતો ઇશ્વરભક્તીના નહીં પરંતુ સદાચાર, સેવા અને સમાનતા તથા એકતાના પ્રચારકો હતા.

અગાઉના સાધુ-સંતો ઇશ્વરભક્તીના નહીં, પરંતુ સદાચાર, સેવા અને સમાનતા તથા એકતાના પ્રચારકો હતા

પુરાણોના ગપગોળા હજારો વર્ષો સુધી ચાલ્યા, પરંતુ મોહન-જો-દડો અને હડપ્પાની સીંધુઘાટીની સંસ્કૃતીના અવશેશો ૧૯૨૨માં મળ્યાં ત્યાર પછી પણ પુરાણોના ગપગોળા ચાલતા રહે, તેનો પ્રચાર થતો રહે, તેનું અનુસરણ થતું રહે તે બાબત વીચીત્ર અને રહસ્યમય છે. વાસ્તવમાં સીંધુઘાટીની સંસ્કૃતીએ ભારતનો આખો ઇતીહાસ ઉલટાવી નાખ્યો છે. પુરાણકારોની કહેવાતી સર્વજ્ઞતા, ત્રીકાળજ્ઞાન, દીવ્યદ્રશ્ટી અને સંપુર્ણતાની પોલંપોલ તેનાથી ઉઘાડી પડી ગઇ છે. આર્યધર્મ અને આર્ય સંસ્કૃતીની શ્રેશ્ઠતા અને સનાતનતાનું તેનાથી સુરસુરીયું થઇ ગયું છે. બુધ્ધ અને મહાવીરે જે નીરીશ્વરવાદી, વર્ણવ્યવસ્થા તથા તદ્જન્ય યજ્ઞાદી ક્રીયાકાંડો અને અંધવીશ્વાસો વીહીન, શીલ, પ્રજ્ઞા, કરુણા, મુદીતા, મૈત્રી અને બંધુતાનો જે ધર્મ સ્થાપ્યો તે સીંધુઘાટીની સભ્યતાનું જ પુનઃ સ્થાપન હતું એવું તેનાથી સીધ્ધ થઇ ગયું છે. તેથી બુધ્ધ અને મહાવીરે સ્થાપેલો ધર્મ જ ભારતનો અસલ-અનાદી ધર્મ છે, તે પણ તેનાથી પુરવાર થઇ ગયું છે. તેમ છતાંયે ભારતના ચીંતકો, કવીઓ, લેખકો અને વીચારકોએ ભારતની પ્રજા સમક્ષ તેને મુકવાને બદલે પોતાનું મોં જ સીવી લીધું છે. સત્યની આવી ઉપેક્ષા કોઇ પ્રજાએ નહીં કરી હોય.

લગભગ પાંચ-છ વરસ પહેલાં 'પીંજરામાં પુરાયેલા ત્રણ (નર)સીંહો' શીર્શકનો એક લેખ મેં 'નયામાર્ગ'માં લખેલો હતો. જેમાં સ્વામી સચ્ચીદાનંદ, ગુણવંત શાહ અને મોરારીબાપુને મેં સ્થાપીત હીતવાદી ઇશ્વર અને ધર્મના પીંજરામાંથી બહાર નીકળી બુધ્ધ અને મહાવીરના ઉપદેશનો પ્રચાર કરવાની નમ્ર વીનંતી કરી હતી. **મારી વીજ્ઞપ્તીને કારણે નહીં, પરંતુ પોતાની સ્વયંસ્ફુરણા અને લોકપ્રેમને કારણે મોરારીબાપુએ એ પીંજરું તોડવાનો થોડોક પ્રયાસ અવશ્ય કર્યો** જણાય છે. સ્વામી સચ્ચીદાનંદ 'જૈસે થે'ની પરીસ્થીતીમાં છે, પરંતુ જેના તરફથી મને સૌથી વધારે આશા હતી તે ગુણવંત શાહ પીંજરાના સીંહમાંથી પીંજરાના પોપટ બની ગયા છે. નરસીંહ મહેતાના શબ્દોમાં કહીએ તો **'ગ્રંથ ગરબડ કરી, વાત ના કરી ખરી'** આ ખુબ દુઃખદ ઘટના છે. ગ્રંથ અને પંથની માનસીક ગુલામી માણસને સત્ય બોલતાં, લખતાં, અનુસરતાં અટકાવે છે.

■

જાથા ભગવાન બની બેઠેલો રાજસ્થાની તાંત્રીક

'હું તાંત્રીક લોહાર મહેન્દ્રરાવ ગુલાબસીંહ ચૌહાણ ઉ.વ.૩૮, વતની ભીલોડ (રાજસ્થાન) અહીં અમદાવાદ આવી ચીત્રોડ બાબુભાઇ શીંગાળાની વાડીમાં છેલ્લાં બે વર્શથી ગુરુ બની બેસીને દોરા-ધાગા, મંત્રેલાં પાણીથી રોગ મટાડવાનું ડીંડક ચલાવું છું તે બદલ આ માફીપત્ર લખી આપીને માફી માંગું છું અને જાથાના અધ્યક્ષ જયંત પંડ્યાને ખાતરી આપું છું કે હું આ ગોરખધંધો બંધ કરીને મારા વતને ચાલ્યો જઇ પ્રમાણીક માર્ગે કમાઇ ખાઇશ.''

ઉપર પ્રમાણેનું માફીપત્ર લખી આપનારા તાંત્રીક ચમત્કારી માર્ગે ઉપચાર કરવાના બહાને મહીલાઓ સાથે અડપલાં કરીને રાત્રીચર્યા પણ ચલાવતો હતો. ઉપચારની એની પદ્ધતી એવી હતી કે મહીલા દર્દીની બે આંગળી પકડીને ધબ્બો મારે એટલે મહીલાનો રોગ ભાગી જાય. એ પોતાને ભગવાન ગણાવતો હતો અને તેની પત્ની પણ પુરુશ દર્દીઓની સેવા બજાવતી થઇ ગઇ હતી.

ફરીયાદ મળતાં જાથાની ટીમે પ્રથમ બનાવટી મહીલા ગ્રાહક મોકલીને પછી પોલીસની સહાયથી દરોડો પાડ્યો હતો. પરીણામે પોલીસસ્ટેશનમાં ઉપર મુજબનું માફીપત્ર લખાવી લેવાયું હતું. જાથાનો આ ૬૫૮મો પ્રયોગ હોવાનું જણાવાયું છે.

નવજાત પુત્રીનો પીતા જીન?

રાજકોટની જનાના હોસ્પીટલમાં તાલાલા (ગીર) પાસેના દેવડી ગામની કુંવારી મુસ્લીમ યુવતી ફરઝાના પેટમાં ગાંઠ હોવાના રોગ માટે દાખલ થઇ જતાં તેને એક બાળકી અવતરી હતી.

આ માટે જવાબદાર શખ્સનું નામ જાથાને આપવા યુવતી તો તૈયાર થઇ ગઇ હતી, પણ તેની માતાએ તેને એમ કરતાં રોકી હતી.

તપાસમાં બહાર આવ્યું હતું કે વળગાળના ઇલાજ માટે યુવતી એકલી ગીરમાં આવેલી નગારશા પીરની જગ્યાએ જતી હતી. ત્યાંના કોઇ મુંજાવરનું જ આ કૃત્ય હોય તેમ જણાતાં જાથાએ મુંજાવરનો ડીએનએ ટેસ્ટ લેવાની માગણી કરી છે. યુવતીના વર્તુળના લોકો તો એમ જ કહેતા રહ્યા હતા કે કોઇ જીનાત કે ભુતે સુક્ષ્મ રુપે સંબંધ બાંધ્યો લાગે છે, પરંતુ તેની માસીએ પોલ ખોલી નાખી હતી. નગારશા પીરની દરગાહના મુખ્યા બચુભાઇની એ વાત પર વીશ્વાસ કરવા જેવું જાથાને લાગ્યું હતું કે દરગાહ તો પવીત્ર જગ્યા છે, મુંજાવરે ક્યાંક બહાર જઇને કુકર્મ કર્યું હશે.

જાથાનો આ ૬૫૯મો પ્રયોગ હોવાનું જણાવવામાં આવ્યું છે.

અંધશ્રદ્ધા નીર્મુલન કાનુન માટે જાથાનો અનુરોધ

રાજકોટમાં ભારત જનવીજ્ઞાન જાથાના રાજ્ય કક્ષાના અધીવેશનમાં ગુજરાતમાં અંધશ્રદ્ધા નીર્મુલન કાનુન લાવવા માટે ૨૦૦ નગરોમાં પ્રચારકાર્ય કરવાનો નીર્ણય લેવામાં આવ્યો હતો.

સાથે જ રક્તદાન શીબીર પણ યોજવામાં આવી હતી.

અધીવેશનનું ઉદ્ઘાટન કરતાં રાજકોટના મેયર સંધ્યાબેન વ્યાસે કહ્યું હતું 'ટાઢી સાતમ' જેવા રીવાજો પણ અંધશ્રદ્ધાના પ્રકાર છે.'

ધારાસભ્ય ગોવીંદભાઇ પટેલે રક્તદાન શીબીરનું ઉદ્ઘાટન કર્યું હતું.

સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન જૈમનભાઇ ઉપાધ્યાયે લોકોને વૈજ્ઞાનીક અભીગમ અપનાવવાનો અનુરોધ કર્યો હતો.

૨૦૦ ડેલીગેટોએ પાંચ કલાક વૈજ્ઞાનીક તાલીમનું રસપાન કર્યું હતું.

રામગોપાલ વર્માને જાથાની નોટીસ

'ફુંક' ફીલ્મ ચલાવતા થીયેટરની બધી જ ટીકીટો ખરીદી લઇને એકલા બેસી ફીલ્મ જોવાનું સાહસ કરનાર પ્રેક્ષકને રુપીયા પાંચ લાખનું ઇનામ આપવાની જાહેરાત ટીવીની બે ચેનલો દ્વારા કરવામાં આવતાં જયંત પંડ્યાએ તે તે ચેનલોને ફોન કરી આવાહ્ન કર્યું હતું કે ચેલેન્જ ઉપાડવા જાથા તૈયાર છે. જો એ રીતે એકલા બેસીને ફીલ્મ જોતાં જાથાના પ્રેક્ષકને કંઇ વીપરીત અસર થશે તો સામેથી રુપીયા દસ લાખનું

ઇનામ આપવામાં આવશે.

ચેનલ તરફથી જવાબ મળ્યો હતો કે આ યોજના માત્ર મુંબઇ પુરતી જ છે. જયંત પંડ્યાએ આ વીશે ફીલ્મ નીર્માતા રામગોપાલ વર્માને નોટીસ પાઠવી છે.

સીવીલ હૉસ્પીટલમાં ભુતનો ભય?

રાજકોટની સીવીલ હૉસ્પીટલના નવા મકાનમાં રાત્રે એકાએક લીફ્ટ બંધ થઇ જાય છે. પછી ચાલુ થતાં સફેદ સાડી પહેરેલી એક સ્ત્રી જોવા મળે છે જે છમછમ કરતી બીજા-ત્રીજા માળે લટાર મારે છે. એક-બે દર્દીઓને પણ આનો અનુભવ થયો છે. આવી આવી અફવાઓની સાથે લીફ્ટમાં હનુમાનજી તથા દેવ-દેવીઓની છબી મુકી ધુપદીપ કરવામાં આવે છે.

જાથાએ ભ્રમ ભાંગવાના પ્રયત્નરુપે હૉસ્પીટલના સત્તાવાળાઓનો સંપર્ક કરી પર્દાફાશ કરતાં આ સ્થળને એક ધાર્મીક સ્થાન બનાવી દેવાનો પ્રપંચ બહાર આવ્યો હતો.

■

વીચીત્રવૃત્તાંત

સંપાદક: જયદેવ ત્રીવેદી-એડવોકેટ

અંધમાન્યતા કંઇ આમઆદમીનો જ ઇજારો નથી

✲ અનીલ અંબાણીએ આરકોમમાંથી મેળવેલું વળતર ૪૩.૪૩ કરોડ હતું. ગયા વર્શે વાર્શીક વળતર રુપે એમણે ૩૦.૦૩ કરોડ મેળવેલા હતા. એમના જ્યોતીશીનો મત છે કે ૩નો આંક આર્થીક સંપન્નતાનો કારક છે.

✲ મુકેશ અંબાણી બે અબજ ડૉલરના ખર્ચે ૨૭ માળનું જે આલીશાન મકાન બંધાવી રહ્યા છે તેમાં વાસ્તુશાસ્ત્રને પુરેપુરું મહત્ત્વ આપાય છે.

✲ અંબાણી બંધુઓ કોઇ પણ અગત્યના કારણસરની બેઠકમાં લાલ રંગની ટાઇ બાંધીને જ જાય છે.

✲ કીંગફીશરના માલીક વીજય માલ્યા કંપનીના કોઇપણ નવા વીમાનને વ્યાવસાયીક ઉપયોગમાં લેતાં પહેલાં તીરુપતી મંદીર ઉપરથી ઉડાડે છે.

✲ ટેલીકોમ ટાઇકુન સુનીલ મીત્તલ કોઇપણ નવું સાહસ કરતાં પહેલાં માંસાહાર તજે છે. એમને ૨૩ના આંકડા પર ખુબ શ્રદ્ધા છે. તેમની ખાસ મોટરનો નંબર ૨૩ છે અને તેમની લગ્નતારીખ પણ ૨૩ છે.

✲ અમદાવાદના એક મોટા ઉદ્યોગપતીએ રુપીયા એક કરોડની સોનાચાંદીની ચતુર્ભુજ વીશ્ણુ ભગવાનની મુર્તી દ્વારકાધીશ મંદીરને અર્પણ કરી છે.

✲ સાણંદના નેનો પ્રોજેક્ટ માટે તાતાએ વાસ્તુશાત્રનો સહારો લીધો છે અને જ્યોતીશીની સલાહ અનુસાર બધું આયોજન થઇ રહ્યું છે.

(પાનાં ૧૧ ઉપરનો અગ્રલેખ જરુર વાંચો)

✲ અમેરીકાના ઓબામાને જીતાડવા માટે કેટલાક સ્થાનીક ભુવાઓએ મંત્રજાપ પણ કર્યા હતા. જોકે ઓબામાને આની જાણ પણ નહીં હોય.

✲ કેન્દ્રના ગૃહપ્રધાન શીવરાજ પાટીલને નરેન્દ્ર મોદીએ બૉમ્બવીસ્ફોટની સંભાવના દસ દીવસ પુર્વે જણાવી હતી, પણ દીવસના છ સુટ બદલનાર પાટીલ સાહેબે તેના પર ધ્યાન આપ્યું નહોતું. ઉલટો બચાવ કર્યો હતો કે મોદીએ વીસ્ફોટ ક્યાં થશે તે જણાવ્યું નહોતું.

✲ મધ્યપ્રદેશની આદીવાસી કોમ સબારામાં જો કુંવારી કન્યા પ્રેતોની પુજારણ બનવા માગતી હોય તો તેને પ્રેત સાથે પરણાવવામાં આવે છે. પછીથી તે અન્યને પણ પરણી શકે છે.

✲ રીઝર્વ બૅન્કમાં ૧૦૦ કીલો સોનું જમા કરાવનાર શીરડીના સાંઇ સંસ્થાન ટ્રસ્ટે સાંઇને અર્પણ કરાયેલા વધારાના સોનામાંથી સાંઇબાબાના ફોટાવાળી વીંટી, ચેન, લૉકેટ જેવાં ઘરેણાં બનાવવાનું ઠરાવ્યું છે.

✲ દ્રાસે પારધી સમાજમાં જે યુવાન વધુમાં વધુ લુંટ કરી આવે તેને સુંદર કન્યા પરણાવવાનો રીવાજ છે. જે પુરુશ ડરપોક હોય તેને સમાજની મહીલાઓ બંગડીઓ પહેરાવીને ઘરનોકર તરીકે રાખે છે.

✲ 'તમારા પતીને કીડનીની બીમારી છે. સારવાર નહીં કરાવો તો જીવથી જશે' એવું જ્યોતીશી વીધાન કરીને ગૃહીણીઓના દાગીના પડાવી લેનાર નાલાસોપારાના ઠગ જ્યોતીશીની ધરપકડ થઇ છે.

✲ બોલો, સીદ્ધીવીનાયકના ભક્તો ઝડપથી દર્શન કરી શકે તે માટે ૨.૬૦ કરોડના ખર્ચે દાદરથી મંદીર સુધીનો ૧.૭ કીલોમીટર લાંબો સ્કાયવૉક બંધાવાનો છે.

✲ ગયા ગણેશોત્સવ દરમીયાન લાલબાગના રાજા તરીકે પુજાતા ગણપતીને ભક્તોએ ૨૦ કીલો સોનું, ૩૫૦ કીલો ચાંદી અને સવાચાર કરોડથી વધુ રોકડ અર્પણ કરી છે. જો કે એક પ્રવચનમાં મુખ્યમંત્રી વીલાસરાવ દેશમુખે કહ્યું છે, ''લાલબાગના રાજાની આવક ગરીબોની મદદ માટે વપરાવી જોઇએ.'' પરંતુ સૌ જાણે છે કે ભાશણો તો તાળીઓ પડાવવા માટે જ હોય છે.

✲ ઓરીસ્સાના પાલ્લા ગામમાં કોઇ પુરુશ ચાલીસી વટાવ્યા બાદ જીવતો રહેતો નથી. અહીં મોટાભાગે વીધવાઓ જ વસે છે, જેઓ ગુજરાન ચલાવવા માટે મજુરી કરે છે. ગામના પુરુશો તો કામ ના કરતાં તાડીના નશામાં જ પડ્યા રહે છે.

✲ રાયપુરના ચેચાર ગામમાં ૭૦ વર્શની વૃદ્ધા લાલમતી તેનાં ૭૫ વર્શના પતીની ચીતા પર ચડી જઇને સતી થઇ ગઇ તેનાં દર્શનાર્થે ઉમટતા લોકોને પોલીસ અટકાવે છે.

✲ કેરળના રોમન કૅથલીક સાધ્વી સીસ્ટર આલ્ફોન્સાને વેટીકન સીટીમાં પોપ બેનેડીક્ટ ૧૬મા દ્વારા સંતપદ એનાયત કરવામાં આવ્યું છે. જેના અમુક જાતના ચમત્કારો સીદ્ધ થાય તેને જ આ પદ અપાય છે.

✲ આંધ્રમાં ભૌંસા ખાતે દેવી દુર્ગાના વીસર્જન વખતે ફાટી નીકળેલી કોમી હીંસામાં લઘુમતીના એક જ કુટુંબના ૬ સભ્યોને જીવતા સળગાવી દેવામાં આવ્યા છે.

✲ ત્રણ બાળકોની માતા એવી એક ત્યકતાને નીઝામ સાથે લગ્નેતર સંબંધ બંધાયા પછી તે ત્યકતાએ નીઝામની સાથે રહેવાની જીદ કરતાં તેને પથ્થરોથી છુંદી નાખવામાં આવી.

✲ બાળવયે દીક્ષા લેનાર સાધુ પ્રમીલ શાહ ૨૫ વર્શની વયે તેની પ્રેમીકાના પતીને મારવા ગયો અને પ્રેમીકા સાથે જ પકડાઇ ગયો.

✲ ઇંદીઆના તીટટોન ખાતેની રીચાર્ડ ઑક્સન ગૅલેરીમાં એક માનવ ખોપરી ૫૦૦ પાઉન્ડ (રુ. ૨૨,૫૦૦)માં વેચાણી.

✲ નવી મુંબઇના રમેશ, તેની પત્ની અનુપમા, પુત્રો સુરજ અને સમીર તથા ડ્રાઇવર સુનીલ શાહપુર નજીક અંતરીયાળ ગંભીર અકસ્માતમાં તરફડીને મરી ગયાં. એ લોકો સાંઇબાબાના દર્શન કરીને પાછાં ફરી રહ્યાં હતાં. બાબાએ એમને બચાવ્યા નહી, કે ના કોઇ મદદ મોકલી.

✲ મુંબઇના એક ટ્રસ્ટ પાસે રુપીયા પચ્ચીસ કરોડની જમીનો છે. ભારતમાં ૧૬૮ મોટાં ચર્ચો છે. ખ્રીસ્તી ધર્મના ચાર ફીરકાઓ આ ચર્ચોના કરોડોના ભંડોળો પર કબજો જમાવવા અંદરોઅંદર લડી રહ્યા છે.

✲ લંડનની નોર્થ વેસ્ટર્ન યુનીવર્સીટીના પ્રોફેસર એડમ ગોલીન્સ્કી જણાવે છે કે માનસીક તણાવથી પીડાતા લોકો અંધશ્રદ્ધાળુ બને છે, કાવતરાં રચે છે અને જુની રુઢીઓમાં વીશ્વાસ મુકતા થઇ જાય છે.

✲ કોલ્હાપુરમાં બીજીથી તેરમી નવેમ્બર દરમીયાન યોજાયેલા વીશ્વશાંતી યજ્ઞમાં રુપીયા છત્રીસ લાખનું પંદર હજાર કીલો શુદ્ધ ઘી, સોળ લાખ રુપીયાના પંદર હજાર કીલો તલ, સાઇઠ ટન સમીધ લાકડાં અને અગીયાર લાખ કમળનાં ફુલ હોમાયાં.

✲ પતંજલી યોગપીઠના યોગાચાર્ય રામદેવબાબાએ રામાયણ કાળની 'સંજીવની' પોતે શોધી કાઢી હોવાનો દાવો કરીને વીવાદ ચગાવ્યો.

✲ મુંબઇની રેવપાર્ટીઓમાં નશાકારક પ્રવાહી (એલએસડી)નું એક ટીપું રુપીયા બે હજારમાં વેચાય છે.

✲ હમીરપુર લખનૌમાં ૫૯ વર્શની વીદ્યાદેવી પતી પાછળ સતી થવા જઇ રહી હતી તેને પોલીસે અટકાવી હતી.

✲ ઓરીસ્સાના ભુવનેશ્વર નજીક કંધમાલમાં ચર્ચ પર હુમલો કરી સાધ્વી પર બળાત્કાર કરાયો, પાદરીઓને સખત માર મારવામાં આવ્યો અને કેટલીક ખ્રીસ્તી મહીલાઓને જીવતી સળગાવાઇ.

✲ મધ્યપ્રદેશના છીંદવાડા પાસેના પાંઢુર્ણાના ગામલોકો દર ભાદરવા સુદ બીજના દીવસે પથ્થરમારો કરીને એકમેકને ઘાયલ કરે છે અને પછી ચામુંડા માતાની ભસ્મ ઘાવ પર લગાવે છે. આમ કરવાથી ઘાવ

રુઝાઇ જાય છે તેવી માન્યતા પ્રચલીત છે. આ પરંપરા પાછળનું રહસ્ય એ છે કે વર્શો પહેલાં ગામના એક યુવાન અને સાવરગાંવની એક યુવતી વચ્ચે પ્રેમની ગાંઠ બંધાતાં બંન્નેએ ભાગીને લગ્ન કરવાનો નીર્ણય કર્યો હતો, પણ પકડાઇ જતાં ગામલોકોએ બન્નેને પથ્થરો મારીને મારીને મારી નાખ્યાં હતાં. ભાદરવી બીજે હવે ઉપર કહી રીતે તેની ઉજવણી થાય છે.

✲ ઔરંગાબાદ નજીક છાવણી ગામના લોકો નવરાત્રીમાં માતાજીનાં દર્શને જઇ રહ્યા હતા, ત્યાં વરસાદ પડતાં એક ઝાડ નીચે આશરો લીધો ત્યાં વીજળી વેરણ થઇ, તેમાં ત્રણનાં મરણ થયાં અને વીસ ઘાયલ થયા. માતાજીએ ભક્તોને ઉગાર્યા નહીં.

✲ હજયાત્રાએથી પાછા ફરતાં હજયાત્રી ફીરોઝ ફારુક અને તેની પત્ની ઍરપોર્ટ પરથી મોટરમાર્ગે ઘેર જઇ રહ્યાં હતાં. માર્ગમાં બસ સાથે મોટર અથડાઇ ને બન્નેનું મૃત્યું થયું. પાક પરવરદીગારે આડા હાથ ના દીધા.

✲ ૧૯૯૨ના બાબરી ધ્વંસ પછી સુરતમાં થયેલા બૉમ્બવીસ્ફોટમાં કૉંગ્રેસના તત્કાલીન પ્રધાન મોહમદ સુરતી તથા અન્યોને ૨૬ વર્શ બાદ ટાડા કોર્ટે ૨૦ વર્શની સજા કરી છે. રાશ્ટ્રદ્રોહીઓને સજા કરવામાં આટલો વીલંબ!

✲ નેપાળના કાઠમંડુમાં બેથી ચાર વર્શની કોઇ પણ બાળકીને 'જીવંત દેવી' તરીકે સ્થાપવાનો રીવાજ છે. લોકો તે દેવીનાં દર્શન કરીને પાવન થાય છે. એક દેવી માસીક ધર્મમાં આવે એટલે તેની જગ્યાએ બીજી કુમારીકાને દેવી તરીકે સ્થાપી દેવામાં આવે છે.

✲ લોકસભાના અધ્યક્ષ સોમનાથ ચેટરજીને લંડન ઍરપોર્ટ પર શારીરીક તપાસમાંથી મુક્તી નહીં મળે તેવું પ્રોટોકોલ વીભાગે જણાવતાં તેમણે લંડન જવાનું જ માંડી વાળ્યું. સ્વદેશાભીમાન આનું નામ.

✲ હાઇકોર્ટના આદેશાનુસાર આખરે જેમને કોર્ટ ચલાવવા માટે જગ્યા મળી તે દીલ્હીની પ્રોવીડન્ટ ફંડ એપેલેટ ટ્રીબ્યુનલના જજસાહેબે આઠ વર્શ સુધી પોતાની મોટરમાં કોર્ટ ચલાવી હતી.

✲ મહીલાઓના પ્રશ્નો માટે જ ખાસ મહીલાઓની અદાલત લખનૌમાં બાર વર્શથી ચાલે છે.

✲ જામનગરના પ્રેમાંધ જુવાન કૃશ્ણસીંહ ચુડાસમાએ પરાઇ નારને ચાર ટુકડા કરીને ફેંકી દીધી.

✲ અંધેરી-ચકાલા માંહેના હોલી ફેમીલી ચર્ચની જીસસની મુર્તીના પગમાંથી ઝરતા પાણીનું આચમન ખ્રીસ્તીઓ પ્યાલા ભરીભરીને કરે છે.

✲ ચુડેલ હોવાના શક પરથી રાજસ્થાનની એક આદીવાસી મહીલાને ઉકળતા તેલના તવામાંથી સીક્કો કાઢી આપવા માટે જબરદસ્તી કરનાર સાત જણની ધકપકડ થઇ છે.

✲ જૈન ધર્મ પર આવનારી આપત્તીઓને ખાળવા માટે દસ હજાર જૈન મંદીરોમાં દસ કરોડના ખર્ચે મહાઅભીશેક કરવાનું આયોજન છે.

✲ ઓરીસ્સાના અનીબજડા ગામે બંસીધર નામના આદીવાસીએ દશેરાની પુજામાં પોતાના એકના એક પુત્ર, બહેન અને ભત્રીજીનો બલી ચડાવ્યો. ભાગી છુટેલી પત્નીએ પોલીસ ફરીયાદ કરી.

✲ નરોડા કૃશ્ણનગરમાં આસારામના સાધકોની સત્સંગ સભા પર લોકોએ પથ્થરમારો કર્યો.

✲ ભુજ તાલુકાના કાળી તળાવડી ગામે નવા વર્શની ઉજવણીમાં ઘેંટાના બલી ચડાવી માતાની પ્રસાદી તરીકે માંસ વહેંચવામાં આવતું હતું, જે જૈન આગેવાનોએ અટકાવ્યું હતું.

✲ મુંબઇની હાજીઅલીની દરગાહનું નવનીર્માણ રુપીયા સવા નવ કરોડના ખર્ચે થશે.

✲ પુર્વ મંજુરી લેવાઇ નથી તેવા બહાના હેઠળ ઉત્તર પ્રદેશનાં માયાવતીએ પ્રતાપગઢ જીલ્લાની સરદાર પટેલની પ્રતીમા જમીનદોસ્ત કરાવી દીધી.

✲ અંતે વારાણસીનો આ કીસ્સો જુઓ: શંભુ યાદવ નામના ધીરધારનો ધંધો કરતા ઇસમે માત્ર રુ. ૬૦૦૦ની લોન વસુલી માટે રાજેશ ગોસ્વામીને ચેન્નઇ લઇ જઇને તેની કીડની વેચી માર્યા પછી પણ રુ. ૧૫૦૦ લેવાના બાકી બતાવ્યા. પોલીસ ફરીયાદ થતાં બહાર આવ્યું કે કીડની રુપીયા પચાસ હજારમાં વેચાયેલી હતી.

રાયચંદ કોરશી શાહને ઘેર 'અંધશ્રદ્ધા નીર્મુલન સમીતી'ના ડૉ. નરેન્દ્ર દાભોલકર સહીત અન્ય ૧૦ કાર્યકરોની 'વીવેકપંથી' સાથે તા. ૧૮મીએ એક ઔપચારીક બેઠક યોજાઇ.

મુ. ગુ. રે. ઍસોસીએશન અને માનવ કેન્દ્રના ઉપક્રમે

વૈજ્ઞાનીક અભીગમ અને માનવવાદ પર પરીસંવાદ

આજના વાતાવરણમાં યુવાધનને વૈચારીક રીતે સાચી દીશામાં વાળવાના પ્રયાસરુપે વૈજ્ઞાનીક અભીગમ અને માનવવાદની સમજ કેળવવાના આશયથી તા. ૨૪-૬-૦૮ મંગળવારના રોજ પુનરુત્થાન હૉલ, અમદાવાદ ખાતે એક દીવસીય પરીસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આશરે ૫૦ જેટલા રસ ધરાવતા લોકોએ ભાગ લીધો હતો. ઍસો.ના પ્રમુખ અશ્વીન કારીયા, જયંતીભાઇ પટેલ, ચતુરભાઇ ચૌહાણ, ગીરીશ સુંઢીયા, નરેશભાઇ વછેર, મુકુંદ સીંધવ, અબ્દુલ વકાની, ભીખાભાઇ અમીન, ડૉ. જયંત માયાવંશી, ધનજીભાઇ મકવાણા, પ્રૉ. મીહીર દવે, જગુભાઇ બેલાણી, પંકજભાઇ પટેલ, ડી. કે. રાઠોડ, રમાબેન વોરા, દમયંતીબેન, ઇન્દુમતીબેન, રીટાબેન, શ્યામ બાબુ, ધનવંતભાઇ દવે, બાબુભાઇ પટેલ, જ્યોતી સાધુ વગેરેએ ઉપસ્થીત રહી ચર્ચામાં ભાગ લઇને માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. વૈજ્ઞાનીક અભીગમ અને માનવવાદની વીચારસરણી રાશ્ટ્રની અનેક સમસ્યાઓ સમજવામાં અને તેનો ઉકેલ લાવવામાં સહાયભુત થાય તેવા આશયથી બોલાવેલ આ પરીસંવાદમાં સોશ્યલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દીલ્હીના પ્રમુખ વીદ્યા ભુશણ રાવતે મુખ્ય વક્તા અને મહેમાન તરીકે રેશનાલીઝમ, માનવવાદ, માનવ અધીકાર પર પોતાના વીચારો રજુ કરી માનવને સાચી દીશા તરફ દોરવા માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

ચા-પાણી તથા જમવાની સવગડ પણ ઍસોસીએશન દ્વારા કરવામાં આવી હતી તેમ જ પુનરુત્થાન સંસ્થા તરફથી બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી.

એ જ સ્થળે અને સમયે ઍસોસીએશનની કારોબારી સમીતીની બેઠક પણ મળી હતી, જેમાં ઍસોસીએશન દ્વારા ભાવી કાર્યક્રમોની ચર્ચા-વીચીરણાના અંતે નીચે જણાવ્યા મુજબનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

ઠરાવ

જીલ્લા એકમના પ્રમુખ ભીખાભાઇ અમીને એવી રજુઆત કરી હતી કે એમણે લગભગ ૫૦ શાળા-કૉલેજોમાં જઇને આશરે ૨૫૦૦૦ જેટલાં બાળકોને રેશનાલીઝમ બાબતે સંબોધીત કરેલ છે, પરંતુ આર્થીક મુશ્કેલીનો પ્રશ્ન હોવાથી વધુ કાર્યક્રમો થઇ શકતા નથી. આ વીશયની ચર્ચાના અંતે એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો કે જ્યાં કોઇ સંસ્થા-સંગઠન ઍસોસીએશનના ઉપક્રમે રેશનાલીઝમ-વૈજ્ઞાનીક અભીગમના પ્રચાર પ્રસાર માટે કોઇ કાર્યક્રમ કે શીબીર કરવાની લેખીત ઇચ્છા પ્રગટ કરે ત્યારે તેની પાસેથી તેનું અંદાજપત્ર મંગાવી અને સ્થાનીક ભંડોળ કેટલું ઉભું કરી શકે તેમ છે તે જાણવું. ઉપરાંત જો સમય હોય તો આવી અરજી કારોબારી સમીતી સમક્ષ રજુ કરી ચર્ચાવીચારણા કરી નીર્ણય લેવો. જો આવો સમય ન હોય તો પ્રમુખ-મંત્રી-ખજાનચી ત્રણેએ સાથે મળીને સંસ્થાના ભંડોળની મર્યાદાને ધ્યાનમાં રાખીને નીર્ણય લેવો.

ગીરીશ સુંઢીયા-મંત્રી

જે ગાલે લાફો, એ જ ગાલે વહાલ

બેધડક વ્યક્તીત્વ છે ઉમા ભારતીનું: યાદ છે ? અગાઉ એક વખત એ મુરલી મનોહર જોશીને સરાજાહેર વળગી પડ્યાં હતાં, જેની તસવીર ઝડપીને માધ્યમોએ લોકલાગણી પંપાળી હતી. પછીથી ઉમાએ ખુલાસો પણ કરી જ દીધો હતો, 'મુરલી તો મારા પીતા સમાન છે.'

ગઇ પાંચમી નવેમ્બરે એમણે એક નવયુવાન કાર્યકર અનીલ રાવને તેની મોટરમાંથી બહાર બોલાવીને સૌની સામે રીતસર લાફો ઝીંકી દીધો હતો અને વળતી જ ઘડીએ એના ગાલ સાથે ગાલ ચાંપીને વહાલ કરતાં જાહેર પણ કર્યું હતું, 'અનીલ તો મારા નાના ભાઇ જેવો છે.'

* * *

આને કહેવાય ખુલ્લાં તન-મનનો વહેવાર ! લાગણીને તે કઇં દબાવવાની હોય ! એ તો જેમ ઉછળે તેમ ઉછળવા દેવાય. ''આ કેવું લાગે ?'' તેવા ક્ષોભમાં આપણે સદાય મન મારતા જ રહીએ છીએ ! નથી લાગતું કે આ એક બાબતમાં તો પચાસ વર્ષ વટાવી ચુકેલાં યૌવના 'ઉમાદેવી'ના નકશેકદમ પર ચાલવાથી આપસી વહેવારમાં આત્મીયતા ઉમેરાય ?!

દીલેર રેશનાલીસ્ટ હતા નીરંજન ગાંધી

– અશ્વીન કારીઆ

ગતાંકમાં જેના નીધનના સમાચાર વાંચ્યા તે નીરંજન ગાંધીને મરણોત્તર અંજલી આપવાનો સમય આટલો વહેલો આવશે તેની કલ્પના નહોતી.

રેશનાલીઝમના કોઇ પણ કાર્યક્રમમાં એમની હાજરી તો હોય જ, પરંતુ એ પોતે આયોજનમાં ઓતપ્રોત થઇ જાય-ઓગળી જાય.

પાલનપુર ખાતેની ૨૦૦૫ની ચીંતન શીબીરમાં તેઓ પત્ની અરુણાબેન સાથે આવ્યા હતા ત્યારે રસોડાની વ્યવસ્થા મારાં પત્ની રશ્મીએ સંભાળી હતી. બન્યું એવું કે એ જ સમયે પાલનપુરમાં બકાલાવાળાઓની હડતાળના કારણે શાકભાજી દુર્લભ બની ગયાં હતાં. નીરંજનભાઇ તરત જ મારા મીત્ર ભરતભાઇ ઠાકોરની જીપ લઇને ડીસા ઉપડ્યા હતા અને ત્યાંથી પોતાના ખર્ચે જ શાકભાજી ખરીદી લાવ્યા હતા. એટલું જ નહી, પણ રુપીયા દસ હજારનું રોકડ યોગદાન પણ આપ્યું હતું. એ સમયની રસોડા ખાતાની એમની સક્રીય કામગીરી અને એમના હાકલા-પડકારા ભુલ્યા ભુલાય તેમ નથી.

ઉપર કહ્યું તેમ રેશનાલીઝમના કોઇ પણ આયોજનમાં એ હાજર તો હોય જ, પણ કદાચ સંજોગવશાત્ હાજરી ના આપી શકે તો એમનું આર્થીક યોગદાન તો પહોંચી જ જાય.

તા. ૨૫મી સપ્ટેમ્બરની મોડી રાત્રે જ્યારે એમની દીકરી મૃણાલીનીનો ફોન આવ્યો હતો કે ''પપ્પા નથી રહ્યા'' ત્યારે કલ્પના પણ નહોતી કે એ પપ્પા નીરંજનભાઇ જ હશે. પણ જ્યારે પ્રતીતી થઇ ત્યારે હું લગભગ ભાંગી પડ્યો હતો. હીમાલયના જે પ્રવાસ દરમીયાન એમનું હૃદય ધબકતું બંધ થઇ ગયું હતું. તે પ્રવાસમાં સજોડે જોડાવાનું એમણે અમને પણ આમંત્રણ આપ્યું હતું. સંજોગોવશાત્ અમે જઇ શક્યા નહોતા, જેનો આજે પારાવાર અફસોસ થાય છે.

વાચનનો નીરંજનભાઇને તીવ્ર શોખ હતો. મોંઘામાં મોંઘી કીંમતનાં પુસ્તકો અને તેમાં પણ ખાસ રેશનાલીઝમનાં પુસ્તકો ખરીદીને તે મીત્રોને ભેટ મોકલતા હતા.

ગોધરાના મારા વસવાટ દરમીયાન અમારો પરીચય પત્રવ્યવહારથી ચાલુ થયો હતો, જે ક્રમે ક્રમે વધુને વધુ આત્મીય બનતો ગયો હતો.

આજે જ્યારે બળુકા રેશનાલીસ્ટોની માનવસમાજને વધુમાં વધુ જરુર છે ત્યારે જ નીરંજનભાઇની વીદાયથી ન ભરી શકાય તેવો એક શુન્યાવકાશ નીર્માણ થયો છે.

છેલ્લે ગુજરાત-મુંબઇ રેશનાલીસ્ટ ઍસોસીએશને કરેલો શ્રદ્ધાંજલી ઠરાવ આપવા હું તેમના ઘેર મુકુંદ સીંધવ અને ગીરીશ સુંઢીયા સાથે ગયો હતો ત્યારે એમનાં બહેન-બનેવી સાથેના સમગ્ર પરીવાર સાથે એમનાં અનેક મીઠાં સ્મરણો વાગોળ્યાં હતાં.

નીરંજન શબ્દનો અર્થ જ છે 'દોશ રહીત.' એમના ગુણ અપરંપાર હતા. નીરંજન કદી નહીં ભુલાય.

એક વૈચારીક માસીકના સાત દાયકા

– ગૌતમ ઠાકર

૪ એપ્રીલ, ૨૦૦૮ના રોજ એમ. એન. રૉયે સ્થાપેલ 'રેડીકલ હ્યુમેનીસ્ટ' માસીકને ઇકોતેર વર્શ પુરાં થયાં. સત્યની શોધ અને અવરોધહીન મુક્ત રીતે જીવવાની માનવીની મહેચ્છા પરીપુર્ણ કરવાની તમન્ના રાખનાર રૉયે સ્વદેશ પાછા ફર્યા ત્યારે પોતાના જ્ઞાન અને વીજ્ઞાનપુર્ણ વીચારો અને રાજકીય વીચારોનો વીસ્તાર કરવા એક સામાયીકની જરુર જોઇ. પોતાના દેશ બાંધવોને બૌદ્ધીક ક્રાંતી ભણી વાળવા 'રેડીકલ હ્યુમેનીસ્ટ' (ઇન્ડીપેન્ડન્ટ ઇન્ડીયા) નામનું છાપું કાઢવાનો દૃઢ સંકલ્પ કર્યો.

કોઇપણ રાજકીય-વૈચારીક છાપું સાત દાયકા જીવંત રહે તે જ પુરતું નથી શું ? 'રેડીકલ હ્યુમેનીસ્ટ' કોઇ રાજ્યાશ્રય કે ધનીકોના આશ્રય વીના પોતાના વાચકો, પ્રશંસકો અને કાર્યકર્તાઓના સહકાર અને પ્રચંડ ભોગને લીધે જ આટલી લાંબી અને વણથંભી ફુચ કરી શક્યું છે એમ ખચીત જ કહી શકાય.

૧૯૭૩માં પ્રજામાં ક્રાંતીની ઉઘડેલી ભુખની પરીસ્થીતીમાં સ્પશ્ટ રાજકીય વીચારસરણી અને નક્કર

કાર્યક્રમ આપવાની તીવ્ર જરુરીયાત ઊભી થયેલી. ત્યારે રૉયે વીચારોને વ્યાપક પ્રમાણમાં ફેલાવવા એક મુખપત્ર કાઢવાનો વીચાર કર્યો હતો ત્યારે અનેક અવરોધો હતા. રાજકીય રીતે જેમને પ્રતીસ્પર્ધી લાગે તેઓએ મુખપત્ર ન જ નીકળે તેવા પ્રયત્નો કર્યા હતા. નાણાંનો અભાવ, છાપકામ માટે પ્રેસની અગવડ વગેરે પરીબળો 'ઇન્ડીપેન્ડન્ટ ઇન્ડીયા' સામે હતા. પણ ગ્રાહકો, જેઓ સાચી સ્વતંત્રતા ઝંખતા હતા, તેઓ તેના ટેકેદાર બની રહ્યા.

મુક્તીની શોધ અને સત્યની ઉપાસના એ આ મુખપત્રનો જીવંત મંત્ર રહ્યો છે. વીકટ પરીસ્થીતી અને વીટંબણાઓમાં એમ. એન. રૉય અને વી. બી. કર્ણીકના સખત પરીશ્રમ અને જાતદેખરેખ વગર 'ઇન્ડીપેન્ડન્ટ ઇન્ડીયા' ટકી શક્યું ન હોત. રેડીકલ હ્યુમેનીઝમના ૨૨ સૈદ્ધાંતીક સુત્રોમાંનું એક કહે છે કે સ્વાતંત્ર્યની ઝંખના અને સત્ય શોધનની વૃત્તી માનવ સ્વભાવની મુળભુત ખેવના છે. રૉયનું સમગ્ર જીવન આ બે વાતને માટે જ વરેલું હતું. આની સાથોસાથ કોઇ પણ સમાજની પ્રગતીનું માપ મનુશ્ય છે. અદ્વીતીય બુદ્ધીપ્રતીભાનું ભાથું તો હતું જ. આને કારણે મૌલીક વીચારોનું સર્જન કરનાર શક્તીનો સ્રોત સદા રોયના મગજમાંથી નીપજતો અને મુખપત્ર દ્વારા વ્યક્ત થતો હતો.

શીબનારાયણ રે જેવા ટોચના કુશળ અને બુદ્ધીપ્રતીભાવાળા સાથીઓએ 'રેડીકલ હ્યુમેનીસ્ટ'ની જ્યોત ઝળહળતી રાખી

રૉયની ફીલસુફી માનવીને વીશ્વની તમામ ઘટનાઓના મધ્યબીન્દુએ મુકે છે. આ માણસજાતની પ્રગતી માટે મુક્તીની ઝંખના, બૌદ્ધીક ચેતના અને નૈતીક સભાનતા મુખ્ય પરીબળો છે. આ પરીબળોને નજર સમક્ષ રાખી 'રેડીકલ હ્યુમેનીસ્ટ' માસીક આજે પણ લોકોમાં જાગૃતી આવે અને તેઓ બૌદ્ધીક રીતે તથા વૈજ્ઞાનીક રીતે વીચારતા થાય અને વૈચારીક ક્રાંતીને વેગ મળે તેવા માનવવાદી વીચારોનો ફેલાવો કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. એનો મુદ્રાલેખ વીચાર ક્રાંતી કહીએ તો પણ ચાલે.

રાજકીય સ્વાતંત્ર્ય, આર્થીક સમાનતા અને સાંસ્કૃતીક પ્રગતી માટે આજે પણ 'રેડીકલ હ્યુમેનીસ્ટ' માસીક પ્રજાને અને ખાસ કરીને બૌદ્ધીકોને પ્રેરે છે. રૉયના અવસાન બાદ આ ચળવળને થોડોક ધક્કો જરુર પહોંચ્યો, પણ શીબનારાયણ રે જેવા રૉયના કુશળ અને બુદ્ધીપ્રતીભાવાળા સાથીઓએ 'રેડીકલ હ્યુમેનીસ્ટ'ની જ્યોત હંમેશ માટે ઝળહળતી રાખી, નવીન વીચારોને પ્રકાશ આપતા રહ્યા.

'રેડીકલ હ્યુમેનીસ્ટ'ના નામે દર મહીને નીયમીત પ્રકાશીત થતા આ સામયીકના ઇકોતેરમા વર્શનો આરંભ ક્યારનો થઇ ચુક્યો છે. એપ્રીલ ૧૯૩૭થી શરુ થયેલ આ સામયીકને આરંભથી જ અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. ક્યારેક નાણાંભીડ તો ક્યારેક જે તે સમયની સરકારે મુકેલા અવરોધો તો ક્યારેક વળી સ્થાપીત હીતોના પ્રયાસો-આ બધાં વચ્ચે પણ પાયાના સીદ્ધાંતો અને મુલ્યો સાથે જરાય સમાધાન સાધ્યા વીના આ સામયીક નીયમીત ચાલતું રહ્યું છે. આ શક્ય બન્યું છે, જાણી-અજાણી અનેક વ્યક્તીઓની નીશ્ઠા, પ્રતીબદ્ધતા અને સંકલ્પશક્તીને કારણે. દેશ અને વીદેશોમાં પ્રસરેલા તેના લેખકો, દાતાઓ અને વાચકોના બૌદ્ધીક નાણાકીય સમર્થનને કારણે. એના સાથ-સહકાર અને સમર્થન વીના સામયીકે સાત દાયકાની મજલ ન કાપી હોત !

આ સામયીકનું પ્રકાશન એ કોઇ નફો રળવાનું વેપારી સાહસ નથી. વૈજ્ઞાનીક અને બુદ્ધીનીશ્ઠ ચીંતનને વરેલ અને જીવન તેમજ સમાજવ્યવસ્થાના માનવવાદી દશ્ટીકોણ પ્રત્યે સમર્પીત આ સામયીક લોકશીક્ષણ અને સામાજીક ચેતનાના કાર્ય પ્રત્યે પ્રતીબધ્ધ છે. દેખીતી રીતે ધંધાકીય ગણતરીઓથી કે કોઇ સંકીર્ણ માન્યતાઓથી આવું મેગેઝીન ન ચાલે. ઉદાર-વીશાળ માનસ ધરાવતી પ્રબુધ્ધ વ્યક્તીઓના ભૌતીક અને બૌદ્ધીક સમર્થનથી આવું સાહસ લાંબુ ચાલે, અન્યથા નહી, એ ઉમેરવાની ભાગ્યે જ જરુર રહે છે !

'ધી રેડીકલ હ્યુમેનીસ્ટ' જીવ્યું છે અને રૉયવાદીઓ તેને અચુક જીવાડશે, પણ રાજકીય વીચારો સાથે બૌદ્ધીક વીચાર ક્રાંતીનું સર્જન અને મનન મંથન કરાવનાર માસીક સીત્તેરે પહોંચે ત્યારે સુખદ આશ્ચર્ય થાય જ ને !

◊ ◊ ◊

ચમકારો

અગાઉ કરતાં બમણી જનમેદની ઉમટી પડી

સુરતમાં છઠ્ઠપુજા નીમીત્તે આ વર્શે ગયા વર્શ કરતાં બમણી જનમેદની ઉમટી પડી હતી. એટલું જ નહીં, પણ સ્થાનીક મહારાશ્ટ્રીયનોએ પણ ઉત્તર ભારતના એ ઉત્સવમાં મોટા પાયે ભાગ લઇને સર્વધર્મ સમભાવ વ્યક્ત કર્યો હતો. [તા. ૬ નવેમ્બરનો અખબારી અહેવાલ]

ધુળ ને ઢેફાં! એ તો રાજ ઠાકરે અને લાલુ યાદવ જેવા કોમવાદીઓ સામસામે ટકરાયા તેનું જ પરીણામ! બાકી ઉમટી પડવા માટે લોકોને વીચારશીલતાની તો જરુર જ ક્યાં પડે છે!

''વાહ રમેશ વાહ! મારી સારવારથી તું કેવો જલદી સારો થઇ ગયો! ખરેખર જ તું મજબુત બાંધાનો અને અલમસ્ત યુવાન છે.''

''બરાબર છે ડૉક્ટર સાહેબ, મને બીલ પકડાવતી વખતે એ યાદ રાખજો, જેથી તમને તકલીફ ના થાય.''

* * *

''શેઠજી, ગુસ્સો નહીં કરતા, પણ તમારી સુનયનાએ મારી સાથે લગ્ન કરવાનું મને વચન આપ્યું છે.''

''અભીનંદન! એવું વચન મેળવનારો તું દસમો સદ્‌ભાગી મુરતીયો છો.''

* * *

''બોલો, પાંચ + પાંચ = કેટલા?'' મહેતાજીની નોકરી માટે આવેલા ઉમેદવારને માલીકે પુછ્યું.

''શેઠજી, તમારી દશ્ટીએ કેટલા થવા જોઇએ?''

અને ઉમેદવારની નોકરી પાક્કી થઇ ગઇ.

* * *

''તમારો સુટ સરસ છે, મારે પણ સીવડાવવો છે. તમારા દરજીનું સરનામું આપશો?''

''જરુર આપું, પણ એક શરતે.''

''શી શરત?''

''તમારે એને મારું સરનામું આપવું નહીં.''

* * *

''તું એવું કહેવા માગે છે કે ચોરી કરવામાં તું એકલો જ હતો અને તારી સાથે બીજું કોઇ નહોતું, બરાબર છે?'' ન્યાયાધીશે કઠેડામાં ઉભેલા રીઢા અને ખંધા આરોપીને પુછ્યું.

''જી હા, નામદાર!''

''કેમ?''

''કોઇનો ભરોસો કરવા જેવો જમાનો જ હવે ક્યાં રહ્યો છે!?''

* * *

''અરે યાર, કારણ વીનાનું મારું નુકસાન થઇ ગયું.''

''એવું તે કયું નુકસાન થયું ભાઇ?''

''આંખમાં સહેજ કણું પડ્યું અને ડૉક્ટરને રુપીયા બસ્સો ચુકવવા પડ્યા.''

''તું ભાગ્યશાળી છો ભાઇ, મારી પત્નીની આંખમાં એક નેકલેસ વસી ગયું અને મને રુપીયા વીસ હજારનો ફટકો પડી ગયો.''

PRINTED BOOK

TO

From :

વીવેકપંથી

C/o. Gulab Bheda
2-C/1, Asmita Mogra,
Dutta Jagdamba Marg,
Sher-E-Punjab Colony,
Andheri (East),
Mumbai-400 093